સુવિચાર

સત્ય બોલવાની સૌથી મોટી વિશેષતા એ છે કે તમારે કંઇપણ યાદ રાખવાની જરૂર નથી...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયામાં મશીનરીની રૂ.૯૯ લાખની લોન લઇ મહિલા સહિત બે શખ્સોએ હાથ ઉંચા કર્યા P-4

Year-16, Issue-203 ■ DATE : 10-12-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# UNESCOએ દિવાળીને અમૂર્ત વિશ્વ ધરોહર જાહેર કરી

## ભારતીય સંસ્કૃતિને વૈશ્વિક સ્તરે મળી મોટી ઓળખઃ આ ઐતિહાસિક નિર્ણય દિલ્હી સ્થિત લાલ કિલ્લામાં આયોજિત યુનેસ્કોની બેઠક દરમિયાન લેવામાં આવ્યો



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય સંસ્કૃતિના સૌથી મોટા અને મહત્વપૂર્ણ પર્વ દિવાળીને વૈશ્વિક સ્તરે એક મોટી ઓળખ મળી છે. સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા યુનેસ્કો એ દિવાળીના તહેવારને પોતાની અમૂર્ત સાંસ્કૃતિક વિરાસતની યાદીમાં સામેલ કરી લીધો છે. આ ઐતિહાસિક નિર્ણય દિલ્હી સ્થિત લાલ કિલ્લામાં આયોજિત યુનેસ્કોની બેઠક દરમિયાન લેવામાં આવ્યો હતો, જે ભારત માટે એક અત્યંત ગૌરવપૂર્ણ ક્ષણ છે.

આ પ્રથમ વખત છે જ્યારે ભારતમાં યુનેસ્કોની આ પ્રકારની બેઠકનું આયોજન થયું હોય, અને આ જ બેઠકમાં ભારતીય સંસ્કૃતિની ઓળખ એવા દિવાળી પર્વને વૈશ્વિક વિરાસતનો દરજ્જો આપવામાં આવ્યો છે. જેવી આ જાહેરાત કરવામાં આવી, કે તરત જ બેઠકમાં 'વંદે માતરમ' અને 'ભારત માતા કી જય'ના નારા ગુંજી ઉઠ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ સિદ્ધિ પર ખુશી વ્યક્ત કરતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ '' પર એક પોસ્ટ શેર કરી હતી. તેમણે લખ્યું, ''દેશ અને દુનિયાના લોકોમાં ગજબનો ઉત્સાહ છે. દિવાળી આપણી સંસ્કૃતિ અને મૂલ્યોની ખૂબ નજીક છે. તે આપણી સભ્યતાની આત્મા છે. તે જ્ઞાન અને ધર્મનું પ્રતીક છે. યુનેસ્કોની અમૂર્ત વિરાસત સૂચિનો ભાગ બન્યા બાદ દિવાળીને વિશ્વભરમાં વધુ લોકપ્રિયતા મળશે. હું આશા રાખું છું કે પ્રભુ શ્રીરામના આદર્શો હંમેશા આપણું માર્ગદર્શન કરતા રહેશે.''

દિવાળીના સમાવેશ સાથે, હવે યુનેસ્કોની અમૂર્ત સાંસ્કૃતિક સૂચિમાં ભારતની કુલ ૧૬ વિરાસતો સામેલ થઈ ગઈ છે. આ યાદીમાં આ પહેલાં ગુજરાતના ગરબા, બંગાળની દુર્ગા પૂજા, કુંભ મેળો, યોગ, રામલીલા અને વૈદિક મંત્રોના ઉચ્ચારણ જેવી પરંપરાઓનો સમાવેશ થાય છે.

દિલ્હીના મંત્રી કપિલ મિશ્રાએ જણાવ્યું કે ૧૦ ડિસેમ્બરે દિલ્હી સરકાર અલગથી દિવાળી ઉજવશે. તમામ સરકારી ઈમારતો શણગારવામાં આવશે, દિલ્હી હાટમાં ખાસ કાર્યક્રમો યોજાશે અને લાલ કિલ્લા પર દીવા પ્રગટાવવામાં આવશે. મંગળવારે રાત્રે દિલ્હી સચિવાલયને ત્રિરંગા રંગોની રોશનીથી ઝગમગાવવામાં આવ્યું હતું.

સરકારનો હેતુ દિવાળીને ''અંધકારથી પ્રકાશ તરફ'' લઈ જનારા વૈશ્વિક સંદેશ તરીકે રજૂ કરવાનો છે, જેથી યુનેસ્કોની યાદીમાં ભારતનો દાવો વધુ મજબૂત બની શકે. દિલ્હી સરકારે લોકોને પણ અપીલ કરી છે કે તેઓ શહેરભરમાં થઈ રહેલા સમારોહમાં ભાગ લે અને સાથે મળીને આ ઐતિહાસિક ક્ષણને ઉજવે.

યુનેસ્કોની આ યાદી દુનિયાની એવી સાંસ્કૃતિક અને પરંપરાગત વસ્તુઓને સામેલ કરે છે, જેને સ્પર્શી શકાતી નથી પરંતુ અનુભવી શકાય છે. તેને અમૂર્ત વિશ્વ ધરોહર પણ કહેવાય છે. તેનો હેતુ છે કે આ સાંસ્કૃતિક ધરોહરો સુરક્ષિત રહે અને આવનારી પેઢીઓ સુધી પહોંચે.

હાલમાં, ભારતની ૧૫ ધરોહરો પહેલાથી જ ઈન્ટેન્જિબલ કલ્ચરલ હેરિટેજ એટલે કે અમૂર્ત વિશ્વ ધરોહરની યાદીમાં સ્થાન મેળવી ચૂકી છે. તેમાં દુર્ગા પૂજા, કુંભ મેળો, વૈદિક મંત્રોચ્ચાર, રામલીલા, છઉ નૃત્ય પણ સામેલ છે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૭૧/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૪૦/લીટર |
| CNG | રૂ. ૮૦.૨૬/કિલો |






| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૩૦,૩૬૦ | ₹૧,૯૯,૦૦૦ |
| | +૮૭૦ | +૯૦૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૮૯.૯૫ | ₹૧૧૯.૬૬ |

# ચાંદીનો ભાવ રૂ. ૨૭૦૦ના ઉછાળા સાથે નવી ઐતિહાસિક સપાટીએ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વર્ષના છેલ્લા મહિના ડિસેમ્બરમાં સોના-ચાંદીના ભાવમાં ફરી એકવાર તોફાની તેજી જોવા મળી રહી છે. બુધવારે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર કારોબાર શરુ થતાંની સાથે જ ચાંદીનો ભાવ નવો શિખર સર કરીને ઓલ ટાઈમ હાઇ પર પહોંચી ગયો હતો.

બુધવારે MCX પર કારોબારની શરુઆતમાં ચાંદીનો ભાવ તેના અગાઉના બંધ ભાવ ૧,૮૮,૦૬૪ પ્રતિ કિલોગ્રામની તુલનામાં વધીને ૧,૮૮,૯૫૯ પર ખૂલ્યો હતો. ત્યાર-બાદ ગણતરીની મિનિટોમાં જ તે ૨,૭૩૫ના વધારા સાથે ૧,૯૦,૭૯૯ની નવી ઊંચાઈ પર પહોંચી ગયો હતો. આ વધારા સાથે ચાંદીનો ભાવ હવે ૨ લાખના આંકડાની ખૂબ નજીક પહોંચી ગયો છે. માત્ર આ સપ્તાહના બે કારોબારી દિવસોમાં જ ચાંદીના ભાવમાં લગભગ ૧૦,૦૦૦ પ્રતિ કિલોગ્રામનો ઉછાળો જોવા મળ્યો છે.

સોનાના ભાવમાં પણ તેજી જોવા મળી છે, જોકે તે હજી પણ તેની સર્વકાલીન ઊંચી સપાટીથી ઘણું સસ્તું મળી રહ્યું છે. બુધવારે ૫ ફેબ્રુઆરીની એક્સપાયરીવાળા સોનાનો વાયદા ભાવ ૧,૩૦,૫૦૨ પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચ્યો હતો. જોકે, તેની ઊંચી સપાટી ૧,૩૪,૦૨૪ હતી, જેનાથી સોનું હજી પણ ૩,૫૨૨ પ્રતિ ૧૦ ગ્રામ સસ્તુ છે.

# માત્ર ૧૧ વર્ષની ઉંમરના બાળકો ડ્રગ્સના રવાડે

## દિલ્હી-મુંબઇ સહિતના ૧૦ શહેરોમાં કરાયેલા સર્વેમાં બહાર આવી ચોંકાવનારી વિગતો



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં ડ્રગ્સ અને વ્યસનની સમસ્યા વધુને વધુ ગંભીર બની રહી છે. પરિસ્થિતિ એવી છે કે નાના બાળકો પણ તેનો શિકાર બની રહ્યા છે. ભારતના ૧૦ શહેરોમાં હાથ ધરાયેલા એક મોટા શાળા સર્વેમાં જાણવા મળ્યું છે કે બાળકો તેમની ઉંમર કરતાં ઘણા વહેલા ડ્રગ્સનો ઉપયોગ કરવાનું શરૂ કરી રહ્યા છે, જેમાં સરેરાશ ઉંમર માત્ર ૧૨.૯ વર્ષ છે, જ્યારે કેટલાક ૧૧ વર્ષની ઉંમરે ડ્રગ્સનો ઉપયોગ કરવાનું શરૂ કરે છે. આ સંખ્યા વધી શકે છે, કારણ કે મોટાભાગના બાળકોએ ડ્રગના ઉપયોગ અંગે ખોટા જવાબો આપ્યા હોવાનું જણાવ્યું હતું.

નેશનલ મેડિકલ જર્નલ ઓફ ઇન્ડિયામાં આ મહિને પ્રકાશિત થયેલા અહેવાલ મુજબ, સાતમાંથી એક શાળાના વિદ્યાર્થીએ ઓછામાં ઓછું એક વખત મનોવૈજ્ઞાનિક પદાર્થનો ઉપયોગ કર્યો છે. આ અભ્યાસમાં રાજધાની દિલ્હી, બેંગલુરુ, મુંબઈ, ચંદીગઢ, હૈદરાબાદ, લખનૌ, ઇમ્ફાલ, જમ્મુ, ડિબ્રુગઢ અને રાંચીના ૧૪.૭ વર્ષ અને તેથી વધુ ઉંમરના ૫,૯૨૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

સંશોધનમાં જાણવા મળ્યું છે કે આમાંથી ૧૫.૧% વિદ્યાર્થીઓએ તેમના જીવનમાં કોઈક સમયે કોઈ પદાર્થનો ઉપયોગ કર્યો હતો, જેમાં ૧૦.૩% વિદ્યાર્થીઓએ ગયા વર્ષે અને ૭.૨% વિદ્યાર્થીઓએ ગયા મહિનામાં તેનો ઉપયોગ કર્યો હતો. તમાકુ (૪%) અને દારૂ (૩.૮%) પછી, સૌથી વધુ ઉપયોગમાં લેવાતા પદાર્થો ઓપીઓઇડ્સ (૨.૮%), ગાંજો (૨%) અને ઇન્હેલન્ટ્સ (૧.૯%) હતા, જેમાં મોટાભાગના ઓપીઓઇડ્સનો ઉપયોગ ઓવર-ધ-કાઉન્ટર દવાઓ તરીકે થતો હતો.

ચંદીગઢ, ડિબ્રુગઢ, લખનૌ, બેંગલુરુ, શ્રીનગર, મુંબઈ, ઇમ્ફાલ, હૈદરાબાદ અને રાંચીની મેડિકલ કોલેજોના સહયોગથી દિલ્હીના એઈમ્સ ખાતે નેશનલ ડ્રગ ડિપેન્ડન્સ ટ્રીટમેન્ટ સેન્ટરના વડા ડૉ. અંજુ ધવન દ્વારા આ બહુ-શહેરી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. સંશોધનમાં જાણવા મળ્યું છે કે ધોરણ ૧૧-૧૨ ના વિદ્યાર્થીઓ ધોરણ ૮ ના વિદ્યાર્થીઓ કરતા બમણા પ્રમાણમાં પદાર્થોનો ઉપયોગ કરે છે. આ છોકરાઓમાં તમાકુ અને ગાંજોનો ઉપયોગ વધુ હતો, જ્યારે છોકરીઓ પણ પાછળ નહોતી, ઇન્હેલન્ટ અને ફાર્માસ્યુટિકલ ઓપીઓઇડનો ઉપયોગ વધુ હતો.

જોકે, સર્વેમાં એ પણ બહાર આવ્યું છે કે અડધાથી વધુ વિદ્યાર્થીઓએ કહ્યું હતું કે જો પૂછવામાં આવે તો તેઓ તેમના ડ્રગના ઉપયોગ અથવા વ્યસનને છુપાવશે, જે સૂચવે છે કે વાસ્તવિક સંખ્યા ઘણી વધારે હોઈ શકે છે.

સર્વેમાં ડ્રગના ઉપયોગ અને ભાવનાત્મક તકલીફ વચ્ચેનો સંબંધ પણ જાહેર થયો હતો. ગયા વર્ષે ડ્રગનો ઉપયોગ કરનારા ૩૧% વિદ્યાર્થીઓએ માનસિક સમસ્યાઓનો અનુભવ કર્યો હતો, જ્યારે બિન-ઉપયોગ કરનારા ૨૫% વિદ્યાર્થીઓએ માનસિક સમસ્યાઓનો અનુભવ કર્યો હતો, જેમાં વર્તણૂકીય સમસ્યાઓ, હાયપરએક્ટિવિટી અને ભાવનાત્મક લક્ષણોમાં નોંધપાત્ર તફાવત જોવા મળ્યો હતો.

# ભાગેડુ હીરા વેપારી મેહુલ ચોકસીની અપીલ ફગાવાઈઃ ભારત લાવવાનો રસ્તો સાફ



બેલ્જિયમની સુપ્રીમ કોર્ટે ભારતના ભાગેડુ હીરા વેપારી મેહુલ ચોકસીની અપીલ ફગાવી દીધી છે. બેલ્જિયમની સુપ્રીમકોર્ટના ફેસલાથી પીએનબી (પંજાબ નેશનલ બેન્ક)માં ૧૩ હજાર કરોડ રૂપિયાના કૌભાંડના મુખ્ય આરોપી મેહુલને ભારત સોંપવાનો રસ્તો સાફ થઈ ગયો છે, હાલ, ચોકસી બેલ્જિયમમાં કેદ છે. સુપ્રીમકોર્ટે અપીલીય અદાલતના ફેસલાને સાચો ઠેરવ્યો છે. ચોકસીએ ભારતમાં નિષ્પક્ષ સુનાવણી ન થવા અને અમાનવીય વર્તાવનો ખતરો બતાવ્યો હતો પણ બેલ્જિયમની સુપ્રીમ કોર્ટે તેની અપીલ ફગાવી દીધી હતી.

# ટ્રમ્પ સરકારે એક જ વર્ષમાં ૮૫ હજાર વિઝા રદ કર્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની સરકારે ઈમિગ્રેશન મુદ્દે અત્યંત કડક વલણ અપનાવતા આ વર્ષે ૮૫,૦૦૦ વિઝા રદ કરી દીધા છે. ઈમિગ્રેશનના નિયમોને વધુ કડક બનાવવા અને રાષ્ટ્રીય સુરક્ષા સ્ક્રિનિંગને બહેતર બનાવવાના પ્રયાસોના ભાગરૂપે આ પગલું લેવામાં આવ્યું હોવાનું કહેવાય છે. આ નિર્ણયની સૌથી મોટી અસર વિદ્યાર્થીઓ પર પડી છે, જેમના ૮,૦૦૦થી વધુ વિઝા રદ કરવામાં આવ્યા છે, જે ગયા વર્ષની સરખામણીમાં બમણી સંખ્યા છે.




અમેરિકાના વિદેશ વિભાગે મંગળવારે '' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૮૫,૦૦૦ વિઝા રદ કરવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને સેક્રેટરી રૂબિયો એક સરળ આદેશનું પાલન કરી રહ્યા છે અને તેઓ ટૂંક સમયમાં અટકે તેવા કોઈ સંકેત નથી.'' આ પોસ્ટમાં ટ્રમ્પની તસવીર સાથે 'મેક અમેરિકા સેફ અગેન' (અમેરિકાને ફરીથી સુરક્ષિત બનાવો) નો નારો પણ આપવામાં આવ્યો હતો.

રિપોર્ટ અનુસાર, અમેરિકાના વિદેશ વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે રદ કરાયેલા ૮,૦૦૦થી વધુ વિઝા વિદ્યાર્થીઓના છે. વિઝા રદ કરવા પાછળના સૌથી સામાન્ય કારણોમાં (નશામાં ડ્રાઈવિંગ), હુમલો અને ચોરી જેવા ગુનાઓનો સમાવેશ થાય છે, જેના કારણે અડધા વિઝા રદ થયા છે. અન્ય કારણોમાં વિઝાની અવધિ કરતાં વધુ સમય રોકાવું, અન્ય ગુનાહિત ચિંતાઓ અને આતંકવાદને સમર્થન આપવાનો પણ સમાવેશ થાય છે. એ એવો પણ દાવો કર્યો છે કે ગાઝાને લઈને થઈ રહેલા વિદ્યાર્થી વિરોધ પ્રદર્શનોમાં સામેલ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને પણ નિશાન બનાવવામાં આવ્યા છે.

વિઝા રદ કરવાની આ કાર્યવાહી એવા સમયે થઈ છે જ્યારે ટ્રમ્પ પ્રશાસન ૫.૫ કરોડ વિદેશી નાગરિકો માટે ''નિરંતર તપાસ'' ની નીતિનો વિસ્તાર કરી રહ્યું છે, જેનો અર્થ છે કે નવી માહિતી સામે આવતા કોઈપણ સમયે વિઝા રદ કરી શકાય છે. આ પહેલા પણ ટ્રમ્પ પ્રશાસને ૧૯ દેશો પર ટ્રાવેલ બૅન લગાવ્યો છે, 'ચિંતાજનક દેશો'ના ગ્રીન કાર્ડ અરજદારોની ફરીથી તપાસ કરવાનો આદેશ આપ્યો છે અને તમામ શરણાર્થી અરજીઓના નિર્ણયોને પણ હાલ પૂરતા રોકી દીધા છે.

# કેન્દ્ર સરકારે ઈન્ડિગોની ફલાઇટમાં ૧૦% કાપનો નિર્દેશ આપતા અન્ય એરલાઇન્સને ફાયદો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈન્ડિગો એરલાઈન્સનું સંકટ હજુ ટળ્યુ નથી, આજે દેશભરમાંથી ૩૦૦થી વધુ ફ્લાઇટ્સ કેન્સલ થઈ છે, અને સેંકડોની સંખ્યામાં મુસાફરો એરપોર્ટ પર રઝળી પડ્યા છે. આજે ઈન્ડિગો સંકટનો ૯મો દિવસ છે. આ વચ્ચે હવે સરકારે કડક પગલા લેતા ઈન્ડિગોની ફ્લાઈટ્સમાં ૧૦% કાપ નિર્દેશ આપ્યો હતો. હવે, બીજો એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારી સૂત્રો પાસેથી માહિતી મળી રહી છે કે, આ કાપ મૂકવામાં આવેલી ઈન્ડિગો ફ્લાઈટ્સ અન્ય એર ઓપરેટરોને રી-ડિસ્ટ્રિબ્યૂટ કરવામાં આવશે, જે સંકટમાં ફસાયેલ ઈન્ડિગો માટે વધુ એક મોટો ઝટકો હશે અને તેની સીધી અસર તેના માર્કેટ શેર પર જોવા મળશે.




સરકારના ૧૦% કાપ વાળા નિર્દેશ બાદ હવે સરકારી સૂત્રોએ જણાવ્યું છે કે, ઈન્ડિગોની કાપ મૂકવામાં આવેલી ફ્લાઈટ્સ અન્ય એરલાઈન્સને આપવામાં આવશે, એટલે કે, અન્ય એર ઓપરેટરોને સ્પેસ મળશે. સરકારના આ રી-ડિસ્ટ્રિબ્યૂટના નિર્ણયથી એરલાઈન્સને એક મજબૂત મેસેજ જશે કે મુસાફરોને હળવાશથી ન લઈ શકાય અને ઈન્ડિગો જેવી સ્થિતિમાં તે એરલાઈનના માર્કેટ શેર પર પણ અસર પડી શકે છે.

ઈન્ડિગોની કાપ મૂકવામાં આવેલી ફ્લાઈટ્સને રી-ડિસ્ટ્રિબ્યૂટ કરવાથી મુસાફરો પાસે હવાઈ યાત્રા કરવાના વધુ વિકલ્પો રહેશે અને ઈન્ડિગોની ફ્લાઈટ જે સતત રદ થઈ રહી છે તેમાં પણ બ્રેક લાગશે. કાર્યપદ્ધતિની વાત કરીએ તો ઈન્ડિગોનો ૧૦% ઓપ્સ શેર એર ઈન્ડિયા, સ્પાઈસજેટ, અકાસા અને અન્ય વિશ્વસનીય ઓપરેટરોને તેમની ક્ષમતા, ફ્લીટ ક્ષમતા અને હાલના રિસોર્સના આધાર પર આપી શકાય છે. સરકારના આ નિર્ણયથી એરલાઈનને ચાર મોટા ઝટકા લાગશે. ઉડ્ડયન મંત્રાલયે મંગળવારે સાંજે યોજાયેલી બેઠકમાં ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ્સમાં ૧૦% કાપ મૂકવાનો નિર્દેશ જારી કર્યો હતો. ઈન્ડિગોના સીઈઓ પીટર એલ્બર્સને બોલાવવામાં આવ્યા હતા. સરકારના આ નિર્ણયની પહેલી ખરાબ અસર ઈન્ડિગોની લગભગ ૨,૨૦૦ દૈનિક ફ્લાઈટ્સ પર સીધી અસર પડશે. આનો અર્થ એ કે, લગભગ ૨૨૦ ફ્લાઈટ્સ ઘટી જશે.

# ૨૦૨૭ની રાષ્ટ્રીય વસ્તી ગણતરી ડીજીટલ માધ્યમથી કરાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૭ની રાષ્ટ્રીય વસ્તી ગણતરી ડિજિટલ માધ્યમથી કરવાનો નિર્ણય લીધો છે. લોકસભામાં આ અંગે એક મહત્વપૂર્ણ જાહેરાત કરતા ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું કે, ભારતના ઈતિહાસમાં આ પ્રથમ વખત હશે જ્યારે વસ્તી ગણતરી પરંપરાગત કાગળ આધારિત ફોર્મ્સને બદલે મોબાઈલ એપ્લિકેશન અને વેબ પોર્ટલ દ્વારા પૂર્ણ કરવામાં આવશે.

સાંસદ સનાતન પાંડેના લેખિત પ્રશ્નનો જવાબ આપતા મંત્રી રાયે જણાવ્યું કે, વસ્તી ગણતરી માટે એક વિશેષ ડિજિટલ પોર્ટલ તૈયાર કરવામાં આવી રહ્યું છે, જેના દ્વારા સમગ્ર દેશમાં પ્રક્રિયાઓનું મોનિટરિંગ અને વ્યવસ્થાપન કરવામાં આવશે. નાગરિકો પોતે તેમની માહિતી ઓનલાઈન ભરી શકશે, જ્યારે ફિલ્ડ અધિકારીઓ મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને ડેટા એકત્રિત કરશે.

વસ્તી ગણતરીની નિર્ધારિત પદ્ધતિ મુજબ, દરેક વ્યક્તિની માહિતી તે સ્થળે નોંધવામાં આવશે જ્યાં



તે ગણતરીના સમયગાળા દરમિયાન હાજર હશે. આ સિસ્ટમ ૨૦૨૭માં પણ જાળવી રખાશે. આ ઉપરાંત, વ્યક્તિનું જન્મસ્થળ, છેલ્લું નિવાસસ્થાન, વર્તમાન સ્થળે રહેવાનો સમયગાળો અને સ્થળાંતરનું કારણ જેવી પ્રવાસન સંબંધિત માહિતી પણ ડિજિટલ રીતે નોંધવામાં આવશે.

મંત્રી રાયે એ પણ જણાવ્યું હતું કે વસ્તી ગણતરી શરૂ થાય તે પહેલાં પ્રશ્નાવલીને કેન્દ્ર સરકાર દ્વારા સત્તાવાર રાજપત્રમાં સૂચિત કરવામાં આવશે. આ પ્રક્રિયા પારદર્શિતા સુનિશ્ચિત કરવા અને તમામ રાજ્યો તેમજ એજન્સીઓને સમયસર તૈયારી કરવાની તક આપવા માટે અનિવાર્ય છે.

સરકારનું માનવું છે કે ડિજિટલ વસ્તી ગણતરીના કારણે ડેટા પ્રોસેસિંગ ઝડપી બનશે, ભૂલોની શક્યતા ઘટશે અને અંતિમ રિપોર્ટ અગાઉની તુલનામાં વધુ ભરોસાપાત્ર તથા સમયસર ઉપલબ્ધ થઈ શકશે. નિષ્ણાતોના મતે, ડિજિટલ માધ્યમથી થયેલી આ વસ્તી ગણતરી ભવિષ્યના નીતિ નિર્માણ, શહેરી આયોજન, સ્થળાંતરના વલણો અને સામાજિક-આર્થિક સર્વેક્ષણોને વધુ સારી રીતે સમજવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

ભારતની છેલ્લી વસ્તી ગણતરી વર્ષ ૨૦૧૧ માં થઈ હતી અને ૨૦૨૧ની વસ્તી ગણતરી કોવિડ-૧૯ મહામારીને કારણે મુલતવી રાખવામાં આવી હતી. આ સંજોગોમાં ૨૦૨૭ની ડિજિટલ વસ્તી ગણતરીને દેશના વસ્તી વિષયક ચિત્રને નવા સ્વરૂપમાં સમજવાની દિશામાં એક મોટી છલાંગ માનવામાં આવી રહી છે.

# શિયાળો હવે જમાવટ કરશેઃ રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં તીવ્ર ઠંડીનો અનુભવ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ક્રમશઃ ઠંડીનં પ્રમાણ વધવા લાગ્યું છે ત્યારે આજે પણ ઠેર ઠેર સવારનો તાપમાનનો પારો ગગડતા તિવ્ર ઠંડી અનુભવાઇ હતી. ખાસ કરીને આજે સવારે ફરી એકવાર ગિરનાર પર્વત ઉપર ૮.૪ ડિગ્રી તાપમાન થઇ જતા પ્રવાસીઓ ઠુંઠવાયા હતા.

જ્યારે આજે પણ ૧૦ ડિગ્રી સાથે નલિયા સૌથી ઠંડુ શહેર રહેવા પામ્યુ હતું. ઉલ્લેખનીય છે કે આજે રાજયમાં ૧૦ સ્થળોએ ૧૫ ડિગ્રીથી નીચુ તાપમાન નોંધાયુ હતું. જેમાં આજે સવારે રાજકોટ ખાતે ૪ કિ.મી.ની ઝડપે પવન સાથે ૧૩.૨ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું તથા પોરબંદરમાં ૧૩.૨, અમરેલીમાં ૧૨, ડિસામાં ૧૨.૮, અમદાવાદમાં ૧૩.૮, વડોદરામાં ૧૩ તથા ભુજમાં ૧૪.૪, દમણમાં ૧૫, દિવમાં ૧૬.૮, દ્વારકામાં ૧૭.૬ અને ગાંધીનગરમાં ૧૩.૫, કંડલામાં ૧૪.૫, ઓખામાં ૨૧.૪ તથા વેરાવળમાં ૧૯.૨ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.



વધુમાં મળતા અહેવાલો મુજબ જુનાગઢ ગિરનાર પર્વત ઉપર લઘુતમ તાપમાન ઘટીને ૮.૪ ડિગ્રીએ રહેવા પામ્યુ હતું. શહેરમાં ૧૩.૫ ડિગ્રીએ નોંધાયુ હતું. લોકોએ સવાર, મોડી સાંજના ગુલાબી ઠંડીનો અનુભવ થવા પામ્યો છે.

સાથે પવનની પણ હીમ જેવો ઠંડો પવન ૨.૯ કિ.મી. રહ્યો છે. ભેજનું પ્રમાણ ૭૦ ટકા નોંધાયુ હતું. બપોરના ભેજ ઘટીને ૨૨ ટકા બપોરનું તાપમાન ૧ ડિગ્રી વધીને ૩૨.૪ ડિગ્રીએ પારો પહોંચ્યો હતો.

ઉપરાંત જામનગરમાં ધીમેં ધીમેં ઠંડીનો જમાવટ કરી રહી છે ત્યારે છેલ્લા ૨૪ કલાકની અંદર જ લઘુતમ તાપમાનમાં બે ડિગ્રીના ઘટાડા સાથે આજે ૧૨.૫ ડિગ્રીએ પારો પહોંચ્યો હતો જેને લીધે શહેરી જનજીવન. ઠુઠવાયું હતું. સાથે સાથે પવનની ઝડપ પણ પ્રતિ કલાક ૫ કિલોમીટરની નોંધાઈ હતી.

જ્યારે ભેજના પ્રમાણ ૬૯ ટકા નોંધાયું છે . આમ જામનગર શહેરમાં મહત્તમ તાપમાન માં આંશિક વધારા સાથે ૨૯.૫ ડિગ્રી નોંધાયુ છે શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી સતત ઠંડીમાં વધારો થઈ રહ્યો છે. તેમાં આજે લઘુતમ તાપમાન નો પારો ૧૨.૫ ડિગ્રી એ પહોંચતા જ મોડી રાતથી ઠંડીનું જોર વધ્યું હતું . ઠંડીથી લોકોએ રાહત મેળવવા માટે તાપણાઅને ગરમ વસ્ત્રોનો સહારો લેવો પડ્યો હતો.

તથા ગોહિલવાડ પંથકમાં આજે બુધવારે લઘુતમ તાપમાન ૧૫.૪ ડિગ્રી નોંધાયુ હતું અને લોકોએ કડકડતી ઠંડી અનુભવી હતી. આજે સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૮% રહ્યું હતું ત્યારે પવનની ઝડપ ૧ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી.

# મોરબીમાં સાયબર ફ્રોડના રૂપિયા સગેવગે કરતી સક્રિય ચાર ગેંગનો પર્દાફાશ, ખાતા ધારકો-એજન્ટો સહિત કુલ ૧૫ શખ્સો સામે ગુનો નોંધાયો

## મોરબી સાયબર ક્રાઇમ પોલીસે "સમન્વય" અને "NCCRP" પોર્ટલની માહિતીની આધારે બેંક ખાતા ભાડે આપનારાથી લઈને ચેક મારફતે નાણા ઉપાડનારા ૭ આરોપીઓની ધરપકડ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સાયબર ક્રાઇમ પોલીસ ટીમે ચાર અલગ ફરિયાદોમાં સાયબર ફ્રોડના નાણા સગેવગે કરતી ચાર ગેંગનો ભાંડો ફોડ્યો છે. જેમાં ખાતા ધારકો પોતાનાં એકાઉન્ટ ફક્ત રૂ. ૨૦૦૦ની લાલચમાં એજન્ટોને આપતા હોવાના આંચકારૂપ ખુલાસા થયા છે. એજન્ટો આ એકાઉન્ટોમાં સાયબર ફ્રોડથી આવેલી રકમ જમા કરાવી ચેક-એટીએમ મારફતે રૂપિયા ઉપડાવી મુખ્ય માસ્ટરમાઈન્ડ સુધી પહોંચાડતા હતાં. તમામ ચાર ફરિયાદમાં કુલ ૧૫ શખ્સો સામે એ ડિવિઝન અને બી ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે, જેમાંથી ૭ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે.

આ બેંક એકાઉન્ટોમાં પશ્ચિમ બંગાળ સહિત અન્ય રાજ્યોમાં થયેલા સાયબર ફ્રોડ સાથે સીધા જોડાયેલા હોવાનું "સમન્વય" તપાસમાં સાબિત થયું હતું. જ્યારે બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ અલગ અલગ બે ફરિયાદોમાં સિન્ડીકેટ દ્વારા અનેક રાજ્યોમાં છેતરપીંડી કરી નાણા જમા કરાવી મોરબી મારફતે સગેવગે કરવામાં આવતાં હતાં. હાલ સાયબર ક્રાઇમ પોલીસ ટીમે ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ તમામ આરોપીઓ સામે ગુનો નોંધાવી આગળની તપાસ ચલાવી છે.

મોરબી સાયબર ક્રાઇમ બ્રાંચે ચાર જુદી જુદી ફરિયાદોમાં સાયબર ફ્રોડથી મેળવાયેલા નાણાં બેંક ખાતાઓ મારફતે સગેવગે કરનાર ચાર અલગ ગેંગનો પર્દાફાશ કરી મોટું નેટવર્ક ઝડપી લીધું છે. જેમાં કુલ ૧૫ શખ્સો સામે ગુનો નોંધાયો છે, જેમાંથી ૭ આરોપીઓને ઝડપી લેવાયા છે. ગેરકાયદેસર રીતે બેંક એકાઉન્ટ ભાડે આપવાથી લઈને ચેક દ્વારા નાણા ઉપાડવાના રેકેટ સુધીનું કૌભાંડ બહાર આવ્યું છે. જેમાં પ્રથમ કેસમાં શનાળા રોડની કોટક મહિન્દ્રા બેંકના એકાઉન્ટ નંબર ૮૮૪૮૪૩૯૬૧૭ માં થયેલી લાખોની ટ્રાન્ઝેક્ટશન્સના આધારે તપાસ શરૂ થઈ હતી. આ એકાઉન્ટ આરોપી રોહિતભાઈ બચુભાઈ મુંઝારીયા નામે હોવાનું સામે આવ્યું હતું. રોહિતભાઈએ માત્ર રૂ.૨૦૦૦/- ની લાલચે પોતાનું એકાઉન્ટ આરોપી ભરતભાઈ પરસોત્તમભાઈ બારડને આપ્યું હતું. ત્યારબાદ ભરતભાઈએ પોતાનું તથા ઓળખીતાઓના અનેક બેંક ખાતા ઇન્ડસઇન્ડ, બેંક ઓફ બરોડા, ઇન્ડિયન ઓવરસીઝ બેંક, એસબીઆઈના ખાતામાં ફ્રોડનાં નાણાં ઉપાડવા માટે આરોપી મનીષભાઈ ડાયાભાઈ દોશીને કમિશન ઉપર આપ્યા હતા. આરોપી મનીષ દોશી ચેક વડે નાણા ઉપાડાવી ખાતાધારકોને માત્ર રૂ.૨૦૦૦/- આપતો હતો. "સમન્વય" પોર્ટલ તપાસમાં આ ખાતું પશ્ચિમ બંગાળના પુર્બા મેદીનીપુર જીલ્લામાં થયેલા સાયબર ફ્રોડ સાથે સીધું જોડાયેલ હોવાનું સાબિત થયું હતું. આ કેસમાં આરોપી (૧)ભરતભાઈ પરસોત્તમભાઈ કાનજીભાઈ બારડ રહે.નવલખી રોડ રણછોડનગર-૧ મોરબી, (૨)રોહિતભાઈ બચુભાઈ મુંઝારીયા રહે.મહેન્દ્રપરા શેરી નં.૧૪ હાલ રહે.રવાપર ગામ મોરબી, (૩)રાહુલ બચુભાઈ મુંઝારીયા રહે. રવાપર ગામ મોરબી, (૪)રાજા રામભાઈ મકવાણા રહે.દલવાડી સર્કલ પ્રધાનમંત્રીઆવસ યોજના મકાનમાં મોરબી, (૫)લક્ષ્મણભાઈ ભરવાડ રહે. વાવડી રોડ મનીષ વિદ્યાલય સામે મોરબી તથા (૬)મનીષભાઈ ડાયાભાઈ દોશી રહે.નવા બસ સ્ટેન્ડ સામે સદગુરુ પાન વાળી શેરી મોરબી વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

બીજી ફરિયાદમાં આનંદભાઈ અને કરણભાઈ હળવદીયાએ પોતાના સગાના નામે બેંક એકાઉન્ટ તેમની જાણ બહાર ખોલાવી લીધા હતા. ત્યારબાદ પોતાના એજન્ટો વિપુલભાઈ ગડા અને હેમુભાઈ મારફતે સાયબર ફ્રોડથી આવેલી રકમ આ ખાતાઓમાં જમા કરાવી ચેક મારફતે ઉપડાવી લેતા અને આ રૂપિયા બાદમાં મોરબીથી મુંબઇ અને અમદાવાદ સ્થિત આરોપીને આંગડીયા મારફત મોકલી આપવામાં આવતા. બેંક ખાતામાં આવેલ આ રકમ સાયબર ફ્રોડનાં નાણા હોવાનું જાણવા છતા આ ચારેય આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરૂ રચીને રકમ સગેવગે કરી આર્થિક લાભ મેળવ્યો હતો. ત્યારે એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી (૧)આનંદભાઇ સોમાભાઇ હળવદીયા ઉવ.૩૨ રહે. આનંદનગર શેરી નં.૩ શનાળા રોડ મોરબી, (૨)કરણભાઇ સોમાભાઇ હળવદીયા રહે. આનંદનગર શનાળા રોડ મોરબી, (૩)વિપુલભાઇ રામજીભાઇ ગડા રહે. અંધેરી મુંબઈ તથા (૪)હેમુભાઇ રહે. અમદાવાદ વાળા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ ગુનો નોંધાયો છે.

ત્રીજી ફરિયાદ બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. જેમાં આરોપી યશપાલ જીતેન્દ્ર દવે રહે. ૧૪૨, અરુણોદયનગર સામાકાઠે મોરબી અને આરોપી રજનીભાઈ કાંતીભાઈ પટેલ રહે.અરુણોદય સોસાયટી સામાકાંઠે મોરબી સામે ગુનો નોંધાયો છે. જેમાં આરોપી યશપાલે પોતાના બેંક એકાઉન્ટમાં ફ્રોડની રકમ સ્વીકારી ચેક દ્વારા ઉપાડી આરોપી રજનીભાઈને આપેલી હતી. તપાસમાં ખુલ્યું કે આ બંનેએ જાણી જોઈને સાયબર ફ્રોડના નાણાં સગેવગે કર્યા હતા અને માસ્ટરમાઈન્ડ્સને સહાયતા કરી હતી.

જ્યારે ચોથી ફરિયાદ પણ સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાઈ છે જેમાં આરોપી (૧) વર્સ વિજેન્દ્રસીંઘ ધામા રહે. વૃદાવન પાર્કમાં એપાર્ટમેન્ટ-૧૦૧ કર્ણાવતી હોટલ પાસે મોરબી-૨, (૨)આયુષરાજસિંહ જાડેજા રહે.અનંતનગર ઉમા ટાઉનશીપ પાસે મોરબી-૨ તથા (૩)દિવ્યરાજસિંહ જાડેજા રહે.અનંતનગર ઉમા ટાઉનશીપ પાસે મોરબી-૨ તથા તપાસમાં ખુલે તે તમામ સામે ગુનો નોંધાયો છે. આ ત્રણેયે એકબીજાની મદદગારી કરી ગુનાહિત સિન્ડીકેટ બનાવી અનેક રાજ્યોમાં છેતરપીંડી કરી સાયબર ફ્રોડની રકમ મોરબીના બેંક ખાતાઓ મારફતે સગેવગે કરી હતી. આરોપી વર્સ ધામાના એચડીએફસી બેંક ખાતામાં ભરેલ રકમ ચેક તેમજ એટીએમ મારફતે ઉપડાવી નાણા આગળ મોકલવામાં આવતા હતા. ત્યારે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે ગુનો નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# જામજોધપુર પોલીસ દમન કેસ, સંજીવ ભટ્ટ કોર્ટમાં હાજર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના જામજોધપુરમાં ૧૯૯૦માં પોલીસ કસ્ટડીમાં એક વ્યક્તિના નિપજેલા મૃત્યુના કેસમાં પુર્વ અધિકારી સજા ભોગવનારા પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટ સામે જામજોધપુરમાં ૩૫ વર્ષ પહેલા પોલીસના કહેવાતા દમનની નોંધાયેલી અન્ય ફરિયાદનો કેસ હાલમાં ચાલવા પર આવ્યો છે, ત્યારે તે કેસની મુદતે આજે સંજીવ ભટ્ટને રાજકોટ જેલમાંથી જામજોધપુરની અદાલતમાં રજુ કરવામાં આવ્યો હતા.

જામજોધપુર શહેરમાં ૧૯૯૦માં લાદવામાં આવેલા કરફ્યુ વેળાએ કેટલાક વ્યક્તિઓ કરફ્યુનો ભંગ કરતા હોવાનો આરોપ મુકી જે તે વખતે પોલીસે કેટલાક વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી હતી. જેમાં પોલીસની કસ્ટડીમાં પડેલા કહેવાતા મારથી એક વ્યક્તિનું મૃત્યુ નિપજ્યું હતું. તત્કાલિન એએસપી સંજીવ ભટ્ટ સહિતના પોલીસ અધિકારી-કર્મચારીઓ સામે મૃતકના ભાઈએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. તે કેસમાં અદાલતે સંજીવ ભટ્ટને તસ્કરીવાર ઠરાવી સજા પણ ફટકારી હતી. તે દરમિયાન પોલીસના જામજોધપુરમાં કહેવાતા થયેલા દમનની અન્ય ફરિયાદમાં પણ ગુના નોંધાયો હતો.જે કેસ જામજોધપુરની અદાલતમાં ચાલવા પર આવેલા છે, મંગળવારના સંજીવ ભટ્ટને રાજકોટની જેલમાંથી મુદત અન્વયે હાજર રખાવવામાં આવ્યા હતા. તેઓને ચાંપતા પોલીસ બંદોબસ્ત વચ્ચે જામજોધપુરની અદાલતમાં લાવવ-ામાં આવ્યો હતો. જે તે વખતે આ કસ્ટોડીયલ ડેથ કેસ જામનગર સહિત રાજ્યભરમાં ભારે ચકચારી બન્યો હતો. તેની પૂર્વ આઈપીએસ અધિકારી સંજીવ ભટ્ટ હાલ સજા પણ ભોગવી રહ્યા છે.

# જામનગર શહેર તથા રેલવે માંથી પકડાયેલ 30 લાખની કિંમતના ઇંગ્લીશ દારૂના જથ્થાનો નાશ કરાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના ત્રણેય પોલીસ ડિવિઝન તેમજ રેલવે વિભાગ સહિત કુલ અંદાજે ૩૦ લાખની કિંમતની ૮૭૪૧ નંગ ઇંગ્લિશ દારૂની બોટલના જથ્થાનો નાશ કરવા માટેની આજે તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી, અને નાઘેડી નજીક સરકારી ખરાબાની જગ્યામાં વિશાળ દારૂના જથ્થા પર બુલડોઝર ફેરવી દઈ દારૂનો મોટા પાયે નાશ કરવામાં આવ્યો હતો.જામનગર શહેર વિભાગના એ. ડિવિઝન, બી. ડિવિઝન, અને સી. ડિવિઝન તેમજ રેલવે વિભાગ દ્વારા છેલ્લા એકાદ વર્ષથી કબજે કરવામાં આવેલા અંદાજે રૂપિયા ૩૦ લાખની કિંમતનો ઇંગ્લિશ દારૂનો જથ્થો જેમાં કુલ ૮૭૪૧ નંગ ઇંગ્લિશ દારૂની બોટલો ઉપર બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું.

જામનગર શહેર વિભાગના પ્રાંત અધિકારી અદિતિ વર્ષનેયની રાહબરી હેઠળ જામનગર શહેર વિભાગના ડી.વાય.એસ.પી. જે.એન.ઝાલા તેમજ શહેરના ત્રણેય પોલીસ ડીવીઝનો તથા રેલવે પોલીસની ટીમની હાજરીમાં ઇંગ્લિશ દારૂના વિશાળ જથ્થા પર બુલડોઝર ફેરવી દઈ ઈંગ્લીશ દારૂનો નાશ કરવામાં આવ્યો હતો.

# જામનગર જિલ્લા કલેકટર કેતન ઠકકરના અધ્યક્ષ સ્થાને સશસ્ત્ર સેના ધ્વજદિન તથા સૈનિક કલ્યાણ અને પુર્નવસવાટ સમિતિની બેઠક યોજાઇ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ સમિતીની સશસ્ત્ર સેના ધ્વજદિન, ત્રિમાસીક બેઠક, અને સેવારત તથા પુર્વ સૈનિકોની સમસ્યા નિવારણ અંગેની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં માસિક આર્થિક સહાય, દીકરી લગ્ન સહાય તથા અંતિમ ક્રિયા સહાય પેટે ભૂતપૂર્વ સૈનિકોના આશ્રિતોને રાજ્ય સૈનિક બોર્ડ તરફથી રૂ.૯લાખથી વધુની સહાય તથા કેંદ્રીય સૈનિક બોર્ડ તરફથી ૮૩લાખ આમ કુલ ૯૨લાખથી વધુની સહાયનું ચુકવણું કરવામાં આવ્યું હતું.આ બેઠકમાં દીનદયાળ પોર્ટ ઓથોરીટીના અધિકારીએ રૂ.૪૦લાખનો ચેક સશસ્ત્ર સેના ધ્વજદિનના ફાળા પેટે કલેક્ટરને સુપ્રત કરેલ હતો. ઉપરાંત વ્યક્તિગત દાતાશ્રીઓએ પણ ફાળો આપ્યો હતો.નાંણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળ ખાતે ઉદાર હાથે ફાળો આપનાર વ્યક્તિઓ, વિવિધ સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ, શાળાઓ વગરેનું કલેકટર અને પ્રમુખ.દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. તથા નિવૃત જવાનોના પરિવારોને રાજ્ય સરકારશ્રી તરફથી માસિક આર્થિક સહાય, દિકરી લગ્ન સહાય, સ્કોલરશીપ, અંતિમ ક્રિયા સહાય, યુદ્ધ જાગીર ભથ્થુ તથા કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવતી વિવિધ સહાયની વિગતો તેમજ પુર્વ સૈનિકો તથા મંડળો તરફથી મળેલ મુદ્દાઓ બાબતે ચર્ચા કરવામાં આવી હતી.બેઠકમાં જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી જામનગરના કમાન્ડર સંદિપ જયસ્વાલ નિવૃત.એ સશસ્ત્ર સેના ધ્વજ દિન ભંડોળ અંગેની વિગતો આપતા જણાવ્યુ હતુ કે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, જામનગરને નાંણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન જામનગર જિલ્લાના દાતાઓએ ફાળવેલ લક્ષ્યાંક રૂ.૨૦ લાખની સામે કુલ રૂ.૪૬ લાખ ૨૬ હજાર ૫૧૫ એકત્ર કરેલ છે. એમ કુલ ૨૩૧.૩૨% નો ફાળો એકત્ર કરવામાં આવ્યો છે.

ચાલુ નાંણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ફાળવેલ લક્ષ્યાંક રૂ.૨૦ લાખની સામે કુલ રૂ.૩ લાખ ૧૦હજાર ૨૪૨ એકત્ર કરેલ છે. તથા તા૧ એપ્રિલ થી તા.૩૦નવેમ્બર ૨૦૨૫ સુધીમાં ૧૮ પરિવારોને રૂ. ૪લાખ ૫૧હજાર ૬૫૦ની માસિક આર્થિક સહાય, ૭ પરિવારને રૂ.૧લાખ ૯૨હજાર ૫૦૦ની દિકરી લગ્ન સહાય, ૧૪ પરિવારોને અંતિમ ક્રિયા સહાય પેટે રૂ.૧લાખ ૪૦હજારની તેમજ ૧ સ્વ.પૂર્વ સૈનિકના ધર્મ પત્નીને દોઢ લાખ રૂપિયાની મકાન સહાય એમ કુલ રૂ.૯ લાખ ૩૪હજાર ૧૫૦ની સહાય ચુકવવામાં આવી છે તથા કેંદ્રીય સૈનિક બોર્ડની આર્થીક સહાય પેટે શિષ્યવૃતી, દિકરી લગ્ન સહાય તથા ઉચ્ચ અભ્યાસ સહાય પેટે કુલ રૂ.૮૩લાખ ચુકવવાની ભલામણ કરવામાં આવી છે.બેઠકમાં કલેકટરએ સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાટે ફાળો આપી લોકોને ઉદાર હાથે ફાળો આપવા અપીલ કરી હતી તથા ફાળો આપનાર લોકોનો આભર વ્યક્ત કર્યો હતો. પુર્વ સૈનિકો, સ્વ. સૈનિકોના ધર્મપત્નીઓ અને તેઓના આશ્રિતોને સરકાર તરફથી લાગુ પડતી તમામ સહાયના લાભો સમયસર લાગુ પડતા લાભાર્થીઓને મળી રહે તે બાબતની કાર્યવાહી અગ્રતાના ધોરણે હાથ ધરવા સૂચન કરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતુ.આ બેઠકમાં સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળ ખાતે ઉદાર હાથે ફાળો આપનાર વ્યક્તીઓ,સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ,શાળાઓના આચાર્યઓ, પ્રતિનીધીઓ, ઈન્ડીયન આર્મી, નેવી, અને એરફોર્સના અધિકારીઓ, હાલાર જિલ્લા માજી સૈનિક મંડળ તથા સભ્યો, સેક્રેટરી એરફોર્સ એસોસીએશન, વિરવાહીની માજી સૈનિક સંગઠનના પ્રમુખ સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા

# મોરબી મેમણ શેરીમાં રહેણાંકમાંથી ગાંજાના ૨.૨૩ કિલો જથ્થા સાથે એક ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીની મેમણ શેરી વિસ્તારમાં રહેણાંકમાં ગાંજાની ગેરકાયદેસર હેરાફેરી સામે સીટી "એ" ડિવિઝન પોલીસે કાર્યવાહી કરી છે. જ્યાં રેઇડ કરી રહેણાંક મકાનમાંથી ૨ કિલો ૨૩૦ ગ્રામ ગાંજા સાથે એક આરોપીની ધરપકડ કરી સપ્લાયરને પકડવા પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

મોરબી શહેરના કુબેરનાથ રોડ, મેમણ શેરી વિસ્તારમાં રહેણાંકમાં માદક પદાર્થના ગેરકાયદેસર વેપાર સામે મોરબી સીટી "એ" ડિવિઝન પોલીસ દ્વારા મહત્વપૂર્ણ કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં સર્વેલન્સ સ્ટાફને મળેલી બાતમીના આધારે



આરીફ યાકુબભાઇ કચ્છી ઉવ. ૩૫ રહે. કુબેરનાથ રોડ મેમણ શેરી મોરબી વાળો પોતાના રહેણાંક મકાનમાં ખાનગી રીતે ગાંજાનો જથ્થો રાખી ગ્રાહકોને વેચાણ કરતો હોવાની માહિતી મળી હતી. આ હકીકતના આધારે પોલીસે તેના રહેણાંક મકાને રેઇડ કરતા વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાનો જથ્થો વજન ૨ કિલો ૨૩૦ ગ્રામ કિં.રૂ.૬,૬૯૦/- મળ્યો હતો.

રેઇડ દરમ્યાન પોલીસે આરોપી પાસેથી ઓપો કંપનીનો મોબાઇલ ફોન કિં.રૂ.૫,૦૦૦/-, ઇલેક્ટ્રિક વજનકાંટો, કાપડની થેલી, નાની કાતર તથા મોટી સંખ્યામાં પ્લાસ્ટિકની કોથળીઓ સહિત કુલ રૂ.૧૧,૭૯૦/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પકડાયેલ આરોપી દ્વારા જણાવ્યું કે, આ માદક પદાર્થ ગાંજો આરોપી અબ્બાસ મોવર રહે. સુરેન્દ્રનગર વાળા પાસેથી મેળવ્યો હતો. જેથી સમગ્ર મામલે પોલીસે બન્ને આરોપી વિરુદ્ધ એન.ડી.પી.એસ. એક્ટની કલમ હેઠળ ગુનો દાખલ કર્યો છે.

# કાલે રાજકોટ મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક




### ન્યારી ડેમ-૧ આધારીત ૧૫૦ એમએલડી કેપેસીટીનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાના નિર્ણય પર મંજૂરીની મોહર લાગશેઃ કુલ ૨૪ દરખાસ્તો રજૂ કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આવતીકાલે રાજકોટ મહાનગરપાલિકાની સ્ટે. કમિટીની બેઠક ચેરમેન જયમીન ઠાકરની અધ્યક્ષતામાં મળશે. જેમાં કરોડોના વિકાસ કામોની મંજૂરી આપવા સાથે મહત્વના નિર્ણયો પર ચર્ચા થશે. ખાસ કરીને ન્યારી ડેમ-૧ આધારીત ૧૫૦ એમએલડી કેપેસીટીનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાના નિર્ણય પર મંજૂરીની મોહર લાગવાની સંભાવના છે. આવતીકાલે મળનારી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કુલ ૨૪ દરખાસ્તો રજૂ કરાઇ છે. જેમાં નવા પેવિંગ બ્લોક નાખવાની તથા ગટરના પાઇપ નાખવાની દરખાસ્ત પણ કરવામાં આવી છે.

# રાજકોટમાં પ્લાયવુડ ફેક્ટરીમાં ભીષણ આગ

### ફાયરબ્રિગેડે આગ પર મહદઅંશે કાબૂ મેળવ્યો, પ્લાયવુડનો મોટો જથ્થો પડ્યો હોય આગ ગણતરીની મિનિટોમાં વિકરાળ બની



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટનાં મોરબી રોડ સ્થિત હડાળા ગામના પાટિયા નજીક આવેલી શિવ પ્લાયવુડ નામની ફેક્ટરીમાં આજે વહેલી સવારે ૪ વાગ્યે ભીષણ આગ લાગવાની ઘટના બની હતી. આગ એટલી વિકરાળ હતી કે તેના ધુમાડા દૂર સુધી દેખાઈ રહ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ, ફેક્ટરીમાં પ્લાયવુડનો જથ્થો મોટા પ્રમાણમાં હોવાથી આગે ખૂબ જ ઝડપથી વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આ ઘટનાની જાણ થતાં તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી.

આગ લાગવાની જાણ થતાં રાજકોટ ફાયર વિભાગની ટીમ તુરંત ઘટનાસ્થળે દોડી ગઈ હતી. તેમજ આગની ગંભીરતાને જોતા ૪થી વધુ ફાયર ફાઈટરો અને પાણીના ટેન્કરોનો કાફલો બોલવાયો હતો. વહેલી સવારના અંધારામાં અને જ્વલનશીલ પ્લાયવુડના જથ્થાને કારણે આગને કાબૂમાં લેવાની કામગીરી ફાયર વિભાગ માટે પડકારજનક બની હતી. ફાયર વિભાગના જવાનોએ તાત્કાલિક આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી દીધી હતી. જોકે સતત ૫ કલાકની જહેમત બાદ ફાયર ફાઈટરોના પ્રયાસો રંગ લાવ્યા હતા. ફાયર વિભાગની ટીમે બહાદુરીપૂર્વક કામગીરી કરીને આગ પર લગભગ ૮૦ ટકા જેટલો કાબૂ મેળવી લીધો છે.

હાલમાં જ મળેલી માહિતી મુજબ, હાલમાં બાકીની ૨૦ ટકા આગને સંપૂર્ણપણે બુઝાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે, જેથી કરીને નુકસાન વધુ ન થાય અને આગ ફરીથી ન ભડકે. આગ બુઝાવવાની કામગીરીમાં ફાયર વિભાગની ટીમ સતત પાણીનો મારો ચલાવી રહી છે અને કુલિંગની પ્રક્રિયા કરી રહી છે. સદનસીબે આ ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાની થઈ નથી. જોકે પ્લાયવુડનો જથ્થો મોટા પ્રમાણમાં બળીને ખાખ થતા મોટા નુકસાનની શક્યતા જોવાઇ રહી છે.

# હળવદની શિક્ષિકા બહેનોનો રાસ 'કલા મહાકુંભમાં' ઝોન કક્ષાએ પ્રથમ, રાજ્ય કક્ષા માટે પસંદગી

**મુખ્ય સમાચાર, મોરબી**

નડિયાદમાં યોજાયેલા ઝોન કક્ષાના કલા મહાકુંભમાં હળવદની શિક્ષિકા બહેનોએ રાસ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. ૨૧ થી ૫૯ વર્ષની વયજૂથમાં સમગ્ર ઝોનમાંથી શ્રેષ્ઠ પ્રદર્શન કરી રાજ્ય કક્ષા માટે પસંદગી મેળવવામાં આવી છે. આ સાથે મોરબી જીલ્લાનું ગૌરવ વધાર્યું હતું.



નડિયાદ મુકામે જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કચેરી, ખેડા (નડિયાદ) દ્વારા આયોજન કરાયેલ ઝોન કક્ષાના કલા મહાકુંભનું સુંદર આયોજન સંતરામ ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ, શ્રી સંતરામ મંદિર પરિસરમાં યોજાયું હતું. આ સ્પર્ધામાં મોરબી જીલ્લાના હળવદ તાલુકાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં વિવિધ પ્રાથમિક શાળાઓમાં નોકરી કરતી શિક્ષિકાઓ તેમજ ગૃહિણીઓ સહિત કુલ ૧૬ બહેનોએ "રંગીલું હળવદ" નામની ટીમ બનાવીને ભાગ લીધો હતો. ૨૧ થી ૫૯ વર્ષની વયજૂથમાં યોજાયેલી રાસ સ્પર્ધામાં હળવદ તાલુકાની બહેનોએ "કાનજી ક્યાં રમી આવ્યા રાસ" થીમ પર હાર્મોનિયમ અને ઢોલના તાલે ગઢવી સાહેબના દુહા છંદ સાથે રાસ પ્રસ્તુતિ કરી હતી. કોઈપણ પ્રકારની વ્યવસાયિક કોરિયોગ્રાફી વિના કુદરતી લય અને તાલ સાથે કરાયેલ રાસની પ્રસ્તુતિએ દર્શકો અને નિર્ણાયક મંડળને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ સ્પર્ધામાં વડોદરા, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર અને બોટાદ જેવા જીલ્લાઓને પાછળ છોડી હળવદની ટીમે પ્રથમ નંબર પ્રાપ્ત કરી મોરબી જીલ્લાનું નામ ઝળહળતું કર્યું છે. હવે આ ટીમ રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે પસંદગી પામી છે. વ્યસ્ત દૈનિક જીવનમાંથી સમય કાઢી સતત પ્રેક્ટિસ કરનાર આ બહેનોની મહેનતને સર્વત્ર શુભેચ્છાઓ અપાઈ રહી છે, અને સમગ્ર હળવદ તાલુકો તેમજ મોરબી જીલ્લા માટે આ ક્ષણ ગૌરવપૂર્ણ બની છે.

# માળીયા(મી) ખાખરેચી ગામે આધેડનો ગળેફાંસો ખાઈ આપઘાત

માળીયા(મી) તાલુકાના ખાખરેચી ગામે ૪૭ વર્ષીય આધેડે કોઈ કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા માળીયા(મી) પોલીસે આ.મોતની નોંધ કરી છે. માળીયા(મી) તાલુકા વિસ્તારના ખાખરેચી ગામના કોળીવાસમાં રહેતા ૪૭ વર્ષીય વિઠ્ઠલભાઈ દેવાભાઈ દેગામાએ પોતાના રહેણાંક મકાનમાં કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લેતા તેમને પરિવારજનો સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા, જ્યાં હાજર ડોક્ટરે જોઈ તપાસી વિઠ્ઠલભાઈને મરણ ગયાનું જાહેર કર્યું છે, હાલ માળીયા(મી) પોલીસે મૃત્યુના બનાવ મામલે અ.મોત રજીસ્ટર કરી આગળની તપાસ શરૂ કરી છે.

# લાલપુરના કરાણાની સીમમાં ઓરડીમાં જામેલી ઘોડીપાસાની કલબ પર દરોડોઃ ૧૨ પકડાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર લાલપુરના કરાણા ગામની સીમમાં બે શખ્સ દ્વારા ચલાવાતા ઘોડીપાસાના જુગાર પર.એલસીબીના સ્ટાફે પાડેલા દરોડામાં ૧૨ શખ્સ જુગાર રમતા ઝડપાઈ ગયા છે. ચાર શખ્સ નાસી જવામાં સફળ થયા છે. પટમાંથી રોકડ, ૧૨ મોબાઈલ, ૩ મોટર મળી કુલ રૂ.૧૫ લાખ ૭૬ હજારનો મુદ્દામાલ કબજે કરાયો છે.લાલપુર તાલુકાના કરાણા ગામની સીમમાં મંદિર પાસે ગઈકાલે રાત્રે કેટલાક શખ્સો એકઠા થઈ જુગાર રમતા હોવાની બાતમી મળતા એલસીબીના સ્ટાફે પીઆઈ વી.એમ. લગારીયાની સૂચના અને પીએસઆઈ સી.એમ. કાંટેલીયા અને પી.એન. મોરીના



વડપણ હેઠળ કરાણાની સીમમાં દરોડો પાડ્યો હતો.આ સ્થળે રામ રણમલભાઈ મોઢવાડીયા, ભરત રણમલભાઈ મોઢવાડીયા નામના વડપાંચસરા ગામના બે શખ્સ બહારથી માણસો બોલાવી ઘોડીપાસા વડે જુગાર રમાડતા મળી આવ્યા હતા. ત્યાંથી ભરત રણમલભાઈ, જામનગરના સુખદેવસિંહ મહેન્દ્રસિંહ વાઢેર, રાકેશ તુલસીભાઈ વાઘેલા, અજીતસિંહ પ્રતાપસિંહ વાઢેર, સુરજ કાનજીભાઈ રાઠોડ, કમલેશ જગદીશભાઈ ચુંગીવાળા, સિદ્ધરાજસિંહ ઘનુભા ઝાલા, ભરતભાઈ વલ્લભભાઈ કનખરા, જીજ્ઞેશ ધીરૂભાઈ ચાંદ્રા, કિશોર ભીમજીભાઈ સુવા, હિતેન્દ્રસિંહ અભેસિંહ ઝાલા ઉર્ફે મિથુન, ઘનશ્યામસિંહ હનુભા ચાવડા નામના બાર શખ્સ જુગાર રમતા મળી આવ્યા હતા. એલસીબીને જોઈને લક્ષ્મણ રમેશભાઈ કંટારીયા ઉર્ફે કાળુ અજય વાઘેલા, મહેશ નરશીભાઈ ઢાપા ઉર્ફે મુન્નો તથા જુગાર રમાડનાર રામ રણમલ મોઢવાડીયા નાસી ગયા છે.એલસીબીએ પટમાંથી રૂ.૨,૭૦,૬૦૦ રોકડા, ૧૨ મોબાઈલ, ૩ મોટર મળી કુલ રૂ.૧૫,૭૫,૬૦૦નો મુદ્દામાલ કબજે કરી તમામ ૧૬ સામે જુગારધારાની કલમ-૪, ૫ હેઠળ લાલપુર પોલીસ સ્ટેશનમાં ગુન્હો રજીસ્ટર કરાવ્યો છે

# ગુજરાતમાં આગામી તા. ૧૧ થી ૨૩ ડિસેમ્બર દરમિયાન રાજ્યવ્યાપી ''સશક્ત નારી મેળા''નું આયોજન

### મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તા. ૧૧ના બનાસકાંઠાના પાલનપુર ખાતેથી ''સશક્ત નારી મેળા''નો રાજ્યવ્યાપી શુભારંભ કરાવશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારત, મહિલા-નેતૃત્વ વિકાસ અને સ્વદેશી સશક્તિકરણના દૂરંદેશી વિઝનને સાકાર કરવાના ઉદ્દેશ્ય સાથે ગુજરાતમાં આગામી તા. ૧૧ ડિસેમ્બરથી તા. ૨૩ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન રાજ્યવ્યાપી ''સશક્ત નારી મેળા''નું આયોજન કરવામાં આવ્યું છે. આ ભગીરથ આયોજનનો રાજ્યવ્યાપી શુભારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે તા. ૧૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ બનાસકાંઠાના પાલનપુર ખાતેથી કરવામાં આવશે. રાજ્ય સરકારની આ પહેલ મહિલાઓના યોગદાનને પ્રદર્શિત કરશે, ઉજવણી કરશે અને તેમના પ્રયાસોને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડશે.

'સશક્ત નારી મેળા' થકી મહિલા ઉદ્યોગસાહસિકો, લખપતિ દીદીઓ, ડ્રોન દીદીઓ, સ્વ-સહાય જૂથો, મહિલા ખેડૂતોને સહકારી સંસ્થાઓ, સ્ટાર્ટઅપ્સ અને વ્યાવસાયિકો દ્વારા પાયાના સ્તરે લાવવામાં આવી રહેલા પરિવર્તનકારી બદલાવને પ્રોત્સાહન આપવામાં આવશે. મહિલા સશક્તિકરણ, સ્થાનિક ઉત્પાદન, ઉદ્યોગસાહસિકતા અને સ્વદેશી મૂલ્યો પર કેન્દ્રિત આ જિલ્લા-સ્તરીય મેળો આર્થિક ભાગીદારીને પણ વેગ આપશે અને રાજ્યની લાખો મહિલાઓ માટે પ્રેરણા સ્ત્રોત બનશે.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ મહિલા-આગેવાની હેઠળના આર્થિક અને સામાજિક સશક્તિકરણ માટે જિલ્લા-સ્તરીય પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. અન્ય મહત્વના ઉદ્દેશોમાં સ્વદેશી ઉત્પાદનો, સ્થાનિક હસ્તકલા અને ઉત્પાદનોને પ્રોત્સાહન આપવું, મહિલા-કેન્દ્રિત સરકારી યોજનાઓ, સ્ટાર્ટઅપ સપોર્ટ અને આજીવિકા કાર્યક્રમો વિશે જાગૃતિ ફેલાવવી તથા લખપતિ દીદીઓ, ડ્રોન દીદીઓ અને પ્રગતિશીલ મહિલા ખેડૂતોની સિદ્ધિઓને સન્માનિત કરવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મેળામાં મહિલા નેતાઓ અને ઉદ્યોગસાહસિકોને ઉભરતી પ્રતિભા સાથે જોડીને કૌશલ્ય વિકાસ, બજાર જોડાણો, ડિજિટલ સાક્ષરતા અને નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

# ૧૩૦ કરોડના દરિયાકાંઠાના વિકાસ સાથે કચ્છ - સૌરાષ્ટ્રમાં રોકાણની નવી તકો

### વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ કચ્છ-સૌરાષ્ટ્ર ટૂરિઝમ રોકાણ માટે પ્રીમિયમ પ્લેટફોર્મ: ગુજરાતનો દરિયાકાંઠો ગ્લોબલ બ્લૂ ફ્લેગ અને આધુનિક માળખાકીય સુવિધાઓ સાથે નવી ઊંચાઈએ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતનું પ્રવાસન ક્ષેત્ર આજે ટકાઉ વિકાસ, આધુનિક માળખાકીય સુવિધાઓ અને વૈશ્વિક ગુણવત્તાના ધોરણો સાથે દેશ માટે એક નવા માપદંડની સ્થાપના કરી રહ્યું છે. રાજ્યના પ્રથમ ''ગ્લોબલ બ્લૂ ફ્લેગ બીચ'' - શિવરાજપુરના સમગ્ર વિકાસ માટે TCGL દ્વારા કરવામાં આવેલા ૧૩૦ કરોડના મહત્વાકાંક્ષી રોકાણે માત્ર દરિયાકાંઠા વિકાસને અનુપમ તેજ આપ્યું નથી, પરંતુ આ પ્રોજેક્ટ હવે આગામી વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ, રાજકોટ-૨૦૨૬માં પ્રવાસન રોકાણ મુખ્ય આકર્ષણ બનવા તૈયાર છે.

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના ''દેખો અપના દેશ'' અભિયાનને આગળ ધપાવતા શિવરાજપુર બીચનું આંતરરાષ્ટ્રીય ધોરણ મુજબનું રૂપાંતર ગુજરાતનો ટકાઉ, સુરક્ષિત અને ઉચ્ચ ગુણવત્તાવાળો પર્યટન અનુભવ પૂરો પાડવાનો અડગ સંકલ્પ દર્શાવે છે. હવે ભારતીય પ્રવાસીઓને વિદેશ ગયા વિના વિશ્વ-સ્તરીય બીચ અને આધુનિક સુવિધાઓનો આનંદ મળે તેવું ગુજરાતે સાકાર કર્યું છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલું શિવરાજપુર બીચ - ગુજરાતના ૨૩૪૦ કિમી લાંબા દરિયાકાંઠામાં સૌથી સ્વચ્છ, સુંદર, સુરક્ષિત અને પરિવારમિત્ર બીચોમાનું એક - આજે બ્લૂ ફ્લેગના પ્રતિષ્ઠિત દરજ્જાથી સજ્જ છે. આ માન્યતા એ દર્શાવે છે કે અહીં પ્રવાસીઓને પર્યાવરણ-મૈત્રીપૂર્ણ સુવિધાઓ, સલામતીના ઉચ્ચ ધોરણો અને આધુનિક સુવિધાઓ સાથે શ્રેષ્ઠ અનુભવ મળે છે.

શિવરાજપુરના આ સર્વાંગી વિકાસમાં અરાઈવલ પ્લાઝા, સ્નોર્કલિંગ ઝોન, સાયકલ ટ્રેક, બીચ પ્રોમેનેડ, સ્લજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, તેમજ હાઉસિંગ ડિપાર્ટમેન્ટની મહત્વની સુવિધાઓનો સમાવેશ થાય છે. સાથે જ માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૩.૯૩૦ કરોડના વધારાના કામ સાથે ૧૧ કિમીથી વધુ નવા રસ્તાનો વિકાસ પણ હાથ ધરાયો છે. ચેન્જિંગ રૂમ, શાવર એરિયા, બાળકો માટે આકર્ષક ખેલ વિસ્તારો જેવી સુવિધાઓ પ્રવાસીઓને આરામદાયક અનુભવ આપશે. દ્વારકા, બેટ દ્વારકા, શિવરાજપુર સમગ્ર પ્રવાસન પટ્ટીનું સુવ્યવસ્થિત માસ્ટર પ્લાનિંગ પણ ચાલુ છે. સાથે જ બીચ ફેસ્ટિવલ જેવા આંતરરાષ્ટ્રીય ધોરણના કાર્યક્રમો આ વિસ્તારને વધુ આકર્ષક બનાવશે.

તારીખ ૧૦ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન રાજકોટમાં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ કચ્છ-સૌરાષ્ટ્રના પ્રવાસન સર્કિટને વ્યૂહાત્મક કેન્દ્ર તરીકે ઉજાગર કરશે. શિવરાજપુર બીચનું આ પરિવર્તન રોકાણકારો માટે એક મોડલ કેસ સ્ટડી બનશે, જે દર્શાવે છે કે આધુનિક હોસ્પિટાલિટી ક્ષેત્ર, પ્રીમિયમ કોસ્ટલ રિસોર્ટ્સ, વોટર સ્પોર્ટ્સ, ઈકો-ટુરિઝમ, હેરિટેજ હોસ્પિટાલિટી અને આધ્યાત્મિક સર્કિટ્સમાં અતિશય તકો ઉપલબ્ધ છે.

કચ્છના રણથી લઈને ગીરના ઈકો-ઝોન અને દ્વારકાના ધર્મપ્રવાસ સુધી, રાજ્યના પશ્ચિમ દરિયાકાંઠામાં રોકાણ માટેનો સમય હવે સૌથી અનુકૂળ છે. VGRCનું મિશન સ્પષ્ટ છે - રોકાણને મૂડી સાથે અને મૂડીને અવસર સાથે જોડવું અને પ્રવાસન ક્ષેત્ર આ દિશામાં સૌથી પ્રભાવશાળી ક્ષેત્ર તરીકે ઉભર્યું છે.

# જોધપર(ઝાલા) ગામેથી ચોરાયેલ મોટરસાયકલ સાથે એક ઈસમને દબોચી લેતી ટંકારા પોલીસ



**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા પોલીસ ટીમે જોધપર(ઝાલા) ગામેથી ચોરી થયેલ મોટર સાયકલ સાથે એક ઈસમની અટક કરી છે. જેમાં પોલીસ ટીમ વાહન ચેકીંગ કામગીરીમાં હોય તે દરમિયાન ચોરાઉ મોટર સાયકલ સાથે નીકળેલ ઈસમને ઝડપી લેવામાં આવ્યો હતો.

ટંકારા તાલુકામાં મિલકત સંબંધિત ગુનાઓ સામે કડક કાર્યવાહી કરતા ટંકારા પોલીસે વધુ એક મોટર સાયકલ ચોરીનો ભેદ ઉકેલ્યો છે. જેમાં ટંકારા પોલીસ મથક પીઆઇ કે.એમ. છાસીયાના નેતૃત્વમાં સર્વેલન્સ સ્ટાફ વાહન ચેકિંગની કામગીરીમાં રોકાયેલ હોય, આ દરમિયાન ટંકારા પોલીસ સ્ટેશન સામે એક ઈસમ હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ લઈને શંકાસ્પદ હાલતમાં પસાર થતા તેને રોકી, પોલીસે મોટર સાયકલની આર.સી. બુક સહિતના આધાર પુરાવા માંગતા આરોપી સંતોષકારક જવાબ ન આપી શક્યો હતો. ત્યારબાદ પોલીસ દ્વારા ઇ-ગુજકોપ એપ્લિકેશનમાં મોટરસાયકલ નંબર જીજે-૨૦-બીએચ-૩૦૨૧ તથા એન્જિન-ચેસીસ નંબર ચકાસતાં વાહન દાહોદ જીલ્લાના પીપોદરા ગામના કમલેશભાઈ અભસિંગભાઈ પલાસના નામે નોંધાયેલ હોવાનું બહાર આવ્યું હતું. અને આ વાહન અંગે વિજયભાઈ અભલાભાઈ ઉર્ફે અભેસિંગ પલાસ દ્વારા તા. ૦૪/૧૨/૨૦૨૫ના રોજ ટંકારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલ જેમાં ગત તા. ૧૮/૧૧/૨૦૨૫ની રાતથી ૧૯/૧૧/૨૦૨૫ની સવાર દરમિયાન જોધપર(ઝાલા) ગામની સીમમાં પ્રવિણભાઈ પટેલની વાડીમાંથી મોટરસાયકલની ચોરી થઈ હતી.

જ્યારે ચોરાઉ મોટર સાયકલ સાથે પકડાયેલા આરોપી મુકેશભાઇ અભેસીંગ બસુભાઇ સંગાડા ઉવ.૨૫ રહે.હાલ રંગપર વીનોદભાઇ પટેલની વાડીમાં તા.જી.મોરબી મુળ ગામ અગાશવાણી નિશાળ ફળીયું તા.ધાનપુર જી.દાહોદ વાળાએ પૂછપરછ દરમિયાન મોટર સાયકલ ચોરી કર્યાની કબૂલાત આપતાં પોલીસે હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ કબ્જે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ૧૧ ડિસેમ્બરની પોરબંદર--મુઝફ્ફરપુર એક્સપ્રેસ આંશિક રીતે બદલાયેલા માર્ગ પર ચલાવવામાં આવશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉત્તર પશ્ચિમ રેલવે દ્વારા અજમેર-મદાર સેક્શનમાં લેવલ ક્રોસિંગ ક્રમાંક ૪૪ પર મેન્ટેનન્સ કાર્ય માટે બ્લોક લેવામાં આવશે. આ બ્લોકને પગલે ૧૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ પોરબંદર સ્ટેશનેથી પ્રસ્થાન કરતી ટ્રેન ક્રમાંક ૧૯૨૬૯ પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસ તેની નિર્ધારિત રૂટ વાયા અજમેરની જગ્યાએ આંશિક બદલાયેલા રૂટ વાયા દોરાઈ-મદાર જંક્શન બાયપાસ લાઇનથી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન અજમેર સ્ટેશન પર નહીં જાય. મુસાફરોની સુવિધા માટે દોરાઈ અને મદાર જંક્શન સ્ટેશનો પર આ ટ્રેનને વધારાનો સ્ટોપેજ આપવામાં આવ્યો છે.

રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપર મુજબના ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની યાત્રાની યોજના બનાવે અને ટ્રેનોના સંચાલન સંબંધિત લેટેસ્ટ અપડેટ્સ માટે www.enquiry.indianrail.gov.in પર જઈને માહિતી મેળવે જેથી કોઈપણ પ્રકારની અસુવિધાનો સામનો ન કરવો પડે.

# જામનગર એલસીબીને મોટી સફળતા: ધ્રોલના હાડાટોડા ગામની સીમમાંથી ૪.૩૭ લાખનો ઈંગ્લિશ દારૂનો જંગી જથ્થો ઝડપાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ધ્રોલ તાલુકાના હાડાટોડા ગામની સીમમા આવેલ ઓરડી માથી ઈંગ્લીશ દારૂની નાની-મોટી બોટલ તથા મોબાઈલ ફોન મળી કુલ કિ.રૂ.૪,૩૭,૬૦૦ના મુદામાલ સાથે એક ઇસમને પકડી પાડતી જામનગર-એલ.સી.બી.પોલીસ મહાનિરીક્ષક રાજકોટ વિભાગ રાજકોટ, અશોકકુમારએ પ્રોહીબીશન તથા જુગાર ધારા હેઠળના કેસો શોધી કાઢવા જણાવેલ હોય, જેથી જામનગર જીલ્લાના પોલીસ વડા ડો. રવિ મોહન સૈની તથા ઇન્ચાર્જ પોલીસ અધિક્ષક પ્રતિભાએ પ્રોહીબીશન તથા જુગાર ધારાના કેસો શોધી કાઢવા અંગે સુચના કરતા એલ.સી.બી.ના પોલીસ ઇન્સ.વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. ના પો.સ.ઈ. સી.એમ.કાંટેલીયા તથા પો.સ.ઇ. .પી.એન.મોરી તથા સ્ટાફના માણસો જામનગર શહેર વિસ્તારમાં તથા ગ્રામ્ય વિસ્તારમાં પ્રોહી જુગારના કેશો શોધી કાઢવા અંગે પેટ્રોલીંગમા હતા.દરમ્યાન રેઇડમાં એલ.સી.બી. સ્ટાફના ક્રીપાલસિંહ જાડેજા તથા સુમીતભાઇ શિયાર તથા ભયપાલસિંહ જાડેજાને મળેલ ખાનગી હકિકત આધારે હાડાટોડાગામ ની સીમમા આવેલ આરોપીની વાડીની ઓરડીમાથી આરોપી જયપાલસિંહ જયેન્દ્રસિંહ જાડેજા જાતે ગીરા ઉ.વ.૪૦ ધંધો ખેતી રહે.હાડાટોડાગામ તા.ધ્રોલ જી.જામનગર હાલ રહે.આશાપુરા સોસાયટી ધ્રોલ જી.જામનગર વાળા ઇંગ્લીશ દારૂની નાની મોટી બોટલો નંગ-૧૩૧૪ કિ.રૂ.૪,૩૨,૬૦૦.તથા એક મોબાઈલ ફોન કિ.રૂ.૫૦૦૦.મળી કુલ રૂ.૪,૩૭,૬૦૦.ના મુદામાલ સાથે મળી આવતા પકડી પાડી મજકુર ઇસમો વિરૂધ્ધ પો.કોન્સ. ભયપાલસિંહ જાડેજાએ ફરીયાદ રીપોર્ટ આપતા પોલીસ હેડ કોન્સ ક્રિપાલસિંહ જાડેજાએ કાયદેસર ની કાર્યવાહી કરેલ છે.આ દારૂનો જથ્થો પોતે જગદિશભાઇ રહે.રાજસ્થાન વાળા પાસેથી લઇ આવેલ નુ જણાવેલ છે મજકુર ને પકડવાની કાર્યવાહી ચાલુ છે.આ કાર્યવાહી પો.ઇન્સ. વી.એમ.લગારીયા ના માર્ગદર્શન મુજબ પો.સ.ઇ. સી.એમ.કાંટેલીયા તથા પો.સ.ઇ. પી.એન.મોરી તથા તથા એલ.સી.બી. સ્ટાફના, હરપાલસિંહ સોઢા, ભરતભાઇ પટેલ, નાનજીભાઇ પટેલ, શરદભાઇ પરમાર, દિલીપભાઇ તલાવડીયા, હિરેનભાઇ વરણવા, ક્રિપાલસિંહ જાડેજા, સુમતિભાઇ શીયાર, અરજણભાઇ કોડીયાતર, મયુદીનભાઇ સૈયદ,ઘનશ્યામભાઇ ડેરવાળીયા, ભરતભાઇ ડાંગર ધમેન્દ્રસિંહ એન જાડેજા,,ભયપાલસિંહ જાડેજા,અજયભાઇ વિરડા,હિતેન્દ્રસિંહ જાડેજા,કાસમભાઇ બ્લોચ, નિર્મળસિંહ એસ.જાડેજા, યુવરાજસિંહ ઝાલા, મયુરસિંહ પરમાર, કિશોરભાઇ પરમાર, રૂષિરાજસિંહ વાળા, બળવંતસિંહ પરમાર, ધમેન્દ્રસિંહ એમ.જાડેજા, દયારામ ત્રિવેદી તથા બીજલભાઇ બાલાસરા, સુરેશભાઇ માલકિયા વિગેરે દ્વારા કરવામા આવેલ છે.

# મોરબી મનપા દ્વારા ક્લસ્ટર વિઝિટ, વિશેષ સફાઈ ઝુંબેશ યોજાયું



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાના કમિશ્નર સ્વપ્નિલ ખરેએ ક્લસ્ટર નં. ૭ની મુલાકાત લઈ સફાઈ વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. જ્યારે શહેરમાં સાપ્તાહિક વિશેષ સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ હતી. આગામી તા. ૧૧ ડિસેમ્બરે ''શ્રમદાન ફોર મોરબી'' અંતર્ગત જનભાગીદારીથી સફાઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

મોરબીમાં તા. ૦૮/૧૨/૨૦૨૫ના રોજ મોરબી મહાનગરપાલિકાના કમિશ્નર સ્વપ્નિલ ખરે દ્વારા ક્લસ્ટર નં. ૭ની વિઝિટ કરવામાં આવી હતી. આ દરમિયાન ક્લસ્ટરના સફાઈ કર્મચારીઓની હાજરીની ચકાસણી કરવામાં આવી હતી તથા દાણાપીઠ, મતવા ચોક, દાઉદી પ્લોટ, સાવસર પ્લોટ, મંગલમ હોસ્પિટલ વિસ્તાર, ભૂત સાહેબ દવાખાના અને જનતા ચશ્માઘર ખાતે આવેલ GVP અને હેન્ડકાર્ટ પોઈન્ટની કામગીરીનું સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત ડોર-ટુ-ડોર કચરો ઉપાડવાની કામગીરીની પણ સમીક્ષા કરી સ્વચ્છતા વધુ અસરકારક બનાવવા જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. બીજી તરફ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા દર મંગળવારે હાથ ધરાતી સાપ્તાહિક સફાઈ ઝુંબેશ અંતર્ગત શહેરી વિસ્તારમાં ત્રિલોકધામ મંદિર વાળો રોડ, લાઈન્સનગર મેઈન રોડ, પાવન પાર્ક, ત્રાજપર ખારી વિસ્તાર તેમજ રવાપર ચોકડીથી ન્યૂ એરા સ્કૂલ સુધીના માર્ગ પર વિશેષ સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ દ્વારા રસ્તાઓ, નાળાઓ અને જાહેર સ્થળોની સ્વચ્છતા પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, મોરબી મહાનગરપાલિકા દ્વારા ''શ્રમદાન ફોર મોરબી'' અભિયાન અંતર્ગત તા. ૧૧/૧૨/૨૦૨૫ના રોજ સવારે ૯૦૦ કલાકે નવલખી રોડ ખાતે વિશેષ શ્રમદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં યંગ ઈન્ડિયા ગ્રુપ જોડશે, તેમજ વિવિધ એનજીઓ, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ તથા સામાન્ય નાગરિકોને પણ વિશાળ સંખ્યામાં જોડાવાની અપીલ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી છે.

# મોરબી બંદૂક સાથે ઇન્સ્ટાગ્રામમાં ફોટો અપલોડ કરવો યુવકને ભારે પડ્યો, પરવાનેદાર સહિત બેની અટકાયત



**મુખ્ય સમાચાર, મોરબી**

બંદૂક સાથેનો ફોટો ઈન્સ્ટાગ્રામ ઉપર વાયરલ કરનાર યુવક સામે મોરબી એસ.ઓ.જીએ કાર્યવાહી કરી છે. હથિયાર પરવાનેદાર સહિત બે શખ્સોને ઝડપી લેવામાં આવ્યા છે. આ સાથે બન્ને આરોપીઓ સામે વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે.

મોરબી જીલ્લામાં સોશ્યલ મીડિયા મારફતે સમાજમાં ભયનું વાતાવરણ ઉભું કરવાની પ્રવૃત્તિ સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં મોરબી પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. મોરબીએ સોશિયલ મીડીયા પર ખાસ નજર રાખી હતી. આ દરમિયાન ""mr_durvesh_12" નામની ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. પરથી બારબોર ડબલ બેરલ હથિયાર સાથેના ફોટા અપલોડ કરવામાં આવ્યા હોવાની માહિતી મળી હતી. જેથી એસ.ઓ.જી. ટીમે આ એકાઉન્ટના ધારકની ઓળખ મેળવી તપાસ કરતાં દુર્વેશ મહેબુબભાઈ માથકિયા રહે. વાંકાનેર વિસ્તારમાં મળી આવ્યો હતો. પૂછપરછ દરમિયાન ખુલાસો થયો કે આશરે બે વર્ષ અગાઉ રાણેકપર ગામે તેના કાકા અલ્તાબભાઈ હુશેનભાઈ માથકિયા પાસે પાક સંરક્ષણ માટે લાયસન્સ ધરાવતા ડબલ બેરલ હથિયાર સાથે ફોટો પાડીને તે પોતાના ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. પર અપલોડ કર્યો હતો. આ પ્રકારની પોસ્ટ દ્વારા સમાજમાં અતિશય ભય ફેલાવવાનો પ્રયાસ થયો હોવાનું સામે આવતા બંને સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરાઈ છે. આ મામલે એસઓજી પોલીસ ટીમે વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં આરોપી દુર્વેશ મહેબુબભાઈ માથકિયા અને પરવાનેદાર અલ્તાબભાઈ હુશેનભાઈ માથકિયા વિરુદ્ધ આર્મ્સ એક્ટ કલમ હેઠળ ગુનો નોંધાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ભાણવડના દલિત પરિવાર ઉપર જીવલેણ હુમલો કરવાના કેસમાં ૧૦ આરોપીઓને ૫ વર્ષની સજા ફરમાવતી એટ્રોસીટી કોર્ટ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ભાણવડ તાલુકાના નવાગામ ગામમાં રહેતા દલિત યુવક પ્રદીપભાઈ મનુભાઈ બગડાએ તેનાજ ગામના જીવણભાઈ પાડલીયાની જમીન પાસે વાળો (જમીન) વાળાંકેલ હતો, તે જીવણભાઈ પાડલીયાને પસંદ નહીં આવતા તેનું મનદુ:ખ રાખીને તા.૧૫/૫/૨૦૨૦ ના આરોપીઓ જીવણભાઈ પાડલીયા, મયુર ધાના પાથર, હરેશ ધાના પાથર, ચના વેજા પીપરોતર, જીવણ પ્રભાત પાથર, કમલેશ ઉર્ફે પ્રકાશ પાથર, દિવ્યેશ ચના પીપરોતર, પારસ ચના પીપરોતર, ખીમજી વજસી, રામ ઉર્ફે કેતન વજશી, ધના રામશી પાથર વિગેરેએ એક સંપ કરીને ફરિયાદ પક્ષના ચારેક વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચાડતા આરોપીઓ વિરૂધ્ધ હત્યા પ્રયાસ વગેરે સહિતની કલમ હેઠળનો ગુનો નોંધાવ્યો હતો.આ કેસ જામખંભાળિયાની સ્પેશ્યલ એટ્રોસિટી કોર્ટમાં ચાલી જતા એક આરોપી જીવણભાઈ પાડલીયાનું અવસાન થયેલ હતું. મૂળ ફરિયાદી પક્ષે દલિત યુવાન તરફે વકીલ કિરણભાઈ બગડએ લેખિત દલીલો રજૂ કરેલી અને વિવિધ ઉચ્ચ અદાલતના ચુકાદાઓ રજૂ કરીને તમામ આરોપીઓને સજા કરવા ધારદાર રજૂઆતો કરી હતી.જે ધ્યાને લઈ ખંભાળિયાની સ્પેશ્યલ એટ્રોસિટી કોર્ટે દસ આરોપીઓને પાંચ પાંચ વર્ષની સજાનો હુકમ કર્યો છે.

# ટંકારાની રાજ્ય એવોર્ડી શિક્ષિકાની કલમે રચ્યો ઈતિહાસ, પ્રદેશ કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

રાજ્ય કલા મહાકુંભ અંતર્ગત યોજાયેલી કાવ્ય લેખન સ્પર્ધામાં ટંકારા તાલુકાના શિક્ષિકા જીવતીબેન પીપલીયાએ પ્રદેશ કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમની સર્જનાત્મક કલમ અને ભાવસભર અભિવ્યક્તિને વિશેષ પ્રશંસા મળી છે. હવે તેઓ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

ગુજરાત રાજ્યના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા નવયુગ શૈક્ષણિક સંકુલ ખાતે રાજ્ય કલા મહાકુંભ અંતર્ગત જીલ્લા તથા પ્રદેશ કક્ષાની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવાનો અને કલાકારોની સુષુપ્ત પ્રતિભાને પ્રકાશમાં લાવવા તેમજ તેમની સર્જનાત્મક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે ગાયન, વાદન, નૃત્ય, સાહિત્ય લેખન જેવી અનેક સ્પર્ધાઓ યોજાઈ હતી.




આ સ્પર્ધાઓમાં ટંકારા તાલુકાના લખધીરગઢ પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા જીવતીબેન બચુભાઈ પીપલીયાએ સાહિત્ય લેખન વિભાગ હેઠળ યોજાયેલી કાવ્ય લેખન સ્પર્ધામાં ભાગ લીધો હતો. પોતાની અનોખી સર્જનાત્મકતા, ઊંડાણસભર વિચારો, સાહિત્યિક ભાષા અને ભાવનાપૂર્ણ રજૂઆત દ્વારા તેમણે નિર્ણાયક મંડળને ખૂબ પ્રભાવિત કર્યા હતા. પરિણામે જીવતીબેન પીપલીયાએ પ્રદેશ કક્ષાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી ટંકારા તાલુકા તેમજ મોરબી જીલ્લાનું ગૌરવ વધાર્યું છે.

જીવતીબેનની આ નોંધપાત્ર સિદ્ધિ બદલ જીલ્લા યુવા વિકાસ અધિકારી હિરલબેન વ્યાસ, રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ- મોરબી-ટંકારા, લખધીરગઢ પ્રાથમિક શાળા પરિવાર તથા શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા તેમને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. હવે તેઓ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જઈ રહ્યા છે, જેમાં તેઓ વધુ ઉત્તમ પ્રદર્શન કરે અને મોરબી જીલ્લાના શિક્ષણ જગતનું નામ રાજ્ય સ્તરે વધુ ઉજાગર કરે તેવી સર્વત્ર શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

# અનંત અંબાણીને વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે આગેવાની લેવા બદલ ગ્લોબલ હ્યુમેન સોસાયટી દ્વારા ગ્લોબલ હ્યુમેનિટરીયન એવોર્ડ એનાયત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમેરિકન હ્યુમેન સોસાયટીની આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ, અમેરિકાની સૌથી જૂની નેશનલ હ્યુમેન ઓર્ગેનાઈઝેશન અને પ્રાણી કલ્યાણ ક્ષેત્રે સૌથી મોટી પ્રમાણકર્તા સંસ્થાન એવી ગ્લોબલ હ્યુમેન સોસાયટીએ વન્યજીવ સંરક્ષણ કેન્દ્ર 'વનતારા'ના સ્થાપક અનંત અંબાણીને પ્રાણી કલ્યાણ માટે ગ્લોબલ હ્યુમેનિટરીયન એવોર્ડ એનાયત કર્યો છે. અંબાણી આ પ્રતિષ્ઠિત સન્માન મેળવનાર અત્યાર સુધીના સૌથી યુવાન અને પ્રથમ એશિયન છે. આ એવોર્ડ તેમને વન્યજીવન સંરક્ષણ અને પ્રાણી કલ્યાણ માટે પ્રતિબદ્ધ આગેવાનોને એક મંચ પર સાથે લાવનાર એક આંતરરાષ્ટ્રીય કાર્યક્રમમાં એનાયત કરવામાં આવ્યો હતો.

પ્રાણી કલ્યાણ અને તેમના સંરક્ષણના ક્ષેત્રમાં વિશ્વભરમાં સૌથી અગ્રણી વૈશ્વિક સન્માનોમાંનો એક ગણાતો આ એવોર્ડ શ્રી અંબાણીના વાસ્તવિક પુરાવા આધારિત કલ્યાણ કાર્યક્રમો, વિજ્ઞાન આધારિત સંરક્ષણની પહેલો અને વિશ્વભરમાં વિલુપ્તીની આરે પહોંચેલી પ્રજાતિઓના રક્ષણ માટેના સતત પ્રયાસોમાં તેમની આગેવાનીને બિરદાવે છે. આ એવોર્ડ એવી વ્યક્તિઓને આપવામાં આવે છે જેમની આજીવન પ્રતિબદ્ધતાએ પ્રાણીઓ અને લોકો બંને માટે પરિવર્તનકારી વૈશ્વિક અસર ઊભી કરી છે.

ગ્લોબલ હ્યુમેન સોસાયટીએ અંબાણીની વન્યજીવ સંરક્ષણ સંસ્થા વનતારાની સ્થાપનામાં તેમની દીર્ઘદૃષ્ટિવાળી આગેવાની માટે પસંદગી કરી છે, જેણે મોટા પાયે બચાવ, પુનર્વસન અને પ્રજાતિ સંરક્ષણની શક્યતાઓને ફરીથી આલેખી છે. પશુ કલ્યાણ માટેની તેમની કરુણા, ઉત્કટતા અને અનન્ય સમર્પણ તેમને ભૂતકાળના સન્માનિત મહાનુભાવોની વિશિષ્ટ શ્રેણીમાં સ્થાન આપે છે અને તેમનું કાર્ય માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં સંરક્ષણના ભવિષ્યને આકાર આપી રહ્યું છે.

વનતારાના સ્થાપક શ્રી અનંત અંબાણીએ જણાવ્યું હતું કે, ''હું આ સન્માન માટે ગ્લોબલ હ્યુમેન સોસાયટીનો આભાર માનું છું. મારા માટે એક શાશ્વત સિદ્ધાંત સર્વ ભૂતા હિતા એટલે કે, તમામ જીવોનું કલ્યાણ ને મારું કાર્ય પુનઃ સમર્થન આપે છે. ''પ્રાણીઓ આપણને સંતુલન, નમ્રતા અને વિશ્વાસ શીખવે છે. વનતારા થકી અમારો ઉદ્દેશ્ય છે કે સેવા ભાવનાથી માર્ગદર્શન મેળવીને, દરેક જીવને ગૌરવ, સંભાળ અને આશા પ્રદાન કરીએ. સંરક્ષણ આવતીકાલ માટે નથી; તે એક સહિયારો ધર્મ છે જેનું આપણે આજે જ પાલન કરવું જોઈએ.''

ગ્લોબલ હ્યુમેન સર્ટિફાઇડના કાર્યક્રમો વિશ્વભરમાં પ્રાણી કલ્યાણના સૌથી સઘન અને સાર્થક પ્રમાણપત્રોમાંના એક છે. ગ્લોબલ હ્યુમેન સર્ટિફાઇડ બનવા માટે વનતારાએ પ્રાણી કલ્યાણ, વર્તણૂક વિજ્ઞાન, પશુ ચિકિત્સા, પ્રાણીશાસ્ત્ર અને નીતિશાસ્ત્રના વિશ્વસ્તરના અગ્રણી નિષ્ણાતો દ્વારા હાથ ધરવામાં આવેલું વ્યાપક અને સ્વતંત્ર ઓડિટ પૂર્ણ કર્યું હતું. આ પ્રક્રિયામાં પોષણ, પાણીની પહોંચ, સલામતી, સમૃદ્ધિ અને કર્મચારીઓની તાલીમથી લઈને પ્રજાતિ-વિશિષ્ટની જરૂરિયાતો, લાઇટિંગની ઉપલબ્ધતા, પર્યાવરણીય ગુણવત્તા, તબીબી સંભાળ અને કુદરતી વર્તન માટેની અનુકૂળતા સુધીના પશુ કલ્યાણ સૂચકાંકોની વિશાળ શ્રેણીની તપાસ કરવામાં આવે છે.

વનતારાને અનન્ય બનાવતી બાબત એ છે કે તે પ્રાણીના કુદરતી નિવાસસ્થાનની બહાર પૂરી પાડવામાં આવતી સહાયને મૂળ ઈકોસિસ્ટમની અંદર કરવામાં આવતા પ્રયત્નો સાથે સંકલિત કરે છે, જે વન્યજીવ સંરક્ષણ માટે લાંબા ગાળાનો, વિજ્ઞાન આધારિત માર્ગ તૈયાર કરે છે. સંસ્થાનું કાર્ય વિલુપ્તિની આરે પહોંચેલી પ્રજાતિઓના રક્ષણ, ઘટતી જતી વસ્તીને પુનઃસ્થાપિત કરવા અને સંકટગ્રસ્ત તથા જંગલમાં લુપ્ત થઈ ગયેલા પ્રાણીઓને તેમના કુદરતી વાતાવરણમાં પુનઃપ્રવેશ કરાવવામાં મદદરૂપ વિજ્ઞાન આધારિત કાર્યક્રમોને આગળ વધારવા પર કેન્દ્રિત છે. સંશોધન, પુનઃસ્થાપન પહેલ અને સહયોગી સંરક્ષણ ભાગીદારી થકી વનતારાનો ઉદ્દેશ્ય વૈશ્વિક જૈવવિવિધતામાં યોગદાન આપવાનો અને આવનારી પેઢીઓ માટે પ્રજાતિઓના અસ્તિત્વને સુરક્ષિત કરવામાં મદદ કરવાનો છે.

# અજાણી લાશના વાલી-વારસને પોલીસ સ્ટેશને સંપર્ક કરવા સુચના

રાજકોટ શહેર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનને અજાણ્યા ૭૦ વર્ષના પુરુષ અને અજાણ્યા ૫૫ વર્ષના પુરુષની લાશ મળેલ છે. આ બંને લાશના જો કોઈ વાલીવારસ હોય તો તેમણે રાજકોટ શહેર પોલીસ સ્ટેશન એ ડિવિઝનનો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મંગળા રોડ પર બે ગેંગ વચ્ચે થયેલ ફાયરીંગ-હત્યાની કોશિશના ગુન્હામાં આરોપીના ચાર્જશીટ પહેલા જામીન મંજુર

## આરોપી પક્ષે એડવોકેટ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા, પ્રેમરાજસિંહ પરમાર રોકાયેલ હતા


એડવોકેટ રૂપરાજસિંહ પરમાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગત ૨૯/૧૦/૨૦૨૫ના રોજ મંગળા રોડ પર પ્રગતિ હોસ્પિટલ પાસે પેંડા ગેંગ અને મુર્ગા ગેંગ વચ્ચે થયેલ આડેધડ-અંધાધૂંધ ફાયરીંગના કેસમાં મધ્યરાત્રીએ થયેલ સામ-સામા ફાયરીંગ કરી દહેશત અને ભયનો માહોલ ઊભો થયેલ હતો અને જેમાં પોલીસે ખુદ ફરીયાદી બની બન્ને ગેંગના સાગરીતો વિરુદ્ધ ગુન્હો નોંધી બન્ને ગેંગના સાગરીતોની ધરપકડ કરેલી જે પૈકી પેંડા ગેંગના સાગરીત આરોપી જીગ્નેશ ઉર્ફે ભયલો દિનેશભાઈ રાબાએ બનાવ વખતે ઉપયોગ કરેલ પિસ્તોલ પુરી પાડનાર અને અગાઉ પોલીસ ચોપડે રાજકોટમાં વ્યાજંકવાદના બનાવ સંબંધે એક જ પરીવારના ત્રણ લોકોએ કરેલ આપધાત, હથિયાર સંબંધી તેમજ શરીર સંબંધી તેમજ પ્રોહી, પાસા તેમજ ગુજસીટોક વિગેરે જેવા પંદર જેટલા ગંભીર ગુન્હાઓમાં સંડોવાયેલ આરોપી સંજયરાજસિંહ ઉર્ફે ચીન્ટુનું નામ ખુલવા પામેલ હતું. અત્રે ઉલેલ્ખનીય છે કે આરોપી સંજયરાજસિંહ ઉર્ફે ચીન્ટુને પોલીસે બાતમીના આધારે પકડતા તેના પોતાના કબ્જામાથી પણ પિસ્તોલ મળી આવતા પોલીસે તેનો પણ એક અલગ ગુન્હો નોંધેલ હતો. ત્યારબાદ આરોપી સંજયરાજસિંહ ઉર્ફે ચીન્ટુને રાજકોટ શહેર એસ.ઓ.જી. પોલીસે તારીખ૦૪/૧૧/૨૦૨૫ના રોજ સામા-સામા ફાયરીંગ તેમજ હત્યાની કોશીશના ગુન્હામાં ધરપકડ કરેલ અને ૦૩ દિવસની રીમાન્ડના અંતે જેલ હવાલે કરેલ, જેલ હવાલે થયા બાદ સંજયરાજસિંહ ઉપર ગુજસીટોક પણ લગાડવામાં આવેલ હતી. આરોપી સંજયરાજસિંહએ સામા-સામા ફાયરિંગ-હત્યાની કોશિશના ગુન્હામાં પોતાના વકીલ મારફત રાજકોટ સેશન્સ કોર્ટમાં જામીન ઉપર છુટવા ચાર્જશીટ પહેલા અરજી કરેલ હતી. સદરહું જામીન અરજી ચાલી જતાં બન્ને પક્ષોની રજુઆતો તેમજ ઉચ્ચ ન્યાયાલયોના ચુકાદાઓ તેમજ કેસ ના સંજોગો ને ધ્યાને લઈ રાજકોટ ના એડી. સેશન્સ જજ દ્વારા આરોપીની રેગ્યુલર જામીન અરજી મંજુર કરેલ છે.

આ કેસમાં આરોપી સંજયરાજસિંહ ઉર્ફે ચીન્ટુ મહેન્દ્રસિંહ ઝાલા તરફે રાજકોટના એડવોકેટ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, દિપકભાઇ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા, પ્રેમરાજસિંહ પરમાર રોકાયેલ હતા.

# સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં મશીનરીની રૂ.૯૯ લાખની લોન લઈ મહિલા સહિત બે શખ્સોએ હાથ ઉંચા કર્યા

## જામનગર રોડ પર નાગેશ્વરમાં રહેતી વિપ્ર મહિલા અને રીબડા પાસે આવેલી શિવ કોર્પોરેશન નામની પેઢીના સંચાલક સામે ફરીયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર નાગેશ્વર મંદિર પાસે આવેલ યુનિકેર હોસ્પિટલની બાજુમાં સેન્ટ્રોલ બેંક ઓફ ઈન્ડિયામાંથી મશીનરી ખરીદવા વિપ્રમહિલા સહિત પેઢીના સંચાલકોએ રૂ.૯૯ લાખની લોન લીધા બાદ લોન નહીં ભરી હાથ ઉંચા કરી નાખતા ગાંધીગ્રામ પોલીસમાં ફરીયાદ નોંધાઇ છે.




આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ મુળ પંજાબના પઠાણકોટ જીલ્લાના વિશ્વકર્માનગરની વતની અને હાલ જામનગર રોડ પર નાગેશ્વર મંદિર પાસે રાધે એવન્યુમાં આવેલ સેન્ટ્રોલ બેંક ઓફ ઈન્ડિયામાં ફરજ બનાવતી નેહાબેન અભીનવભાઇ છાબડા નામની મહિલાએ ગાંધીગ્રામ પોલીસમાં જામનગર રોડ યુનિકેર હોસ્પિટલ પાસે એપલ ગ્રીન એપાર્ટમેન્ટમાં રહેતી ગાયત્રી એન. પંડયા અને રીબડા પાસે આવેલ ઉમીયા ઈન્ડટ્રીઝ ઝોનમાં શિવ કોર્પોરેશનના નામે પેઢી ચલાવતા હરેશ જયંતીલાલ દવે સામે ફરીયાદ નોંધાવી છે કે, વિપ્રમહિલા ગાયત્રી પંડયાએ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાંથી એમ.એસ.એમ.ઇ. મશીનરી ટર્મ લોનની માંગણી કરેલ જે પેટે શિવ કોર્પોરેશન પેઢીના માલિક હરેશ દવેએ પેઢીના મશીનરી ખરીદી પેટેનું કોટેશન મેળવી બેંકમાં રજૂ કરી તથા પોતાના અન્ય ડોકયુમેન્ટ બેંકમાં રજૂ કરી બેંક પાસેથી રૂ.૯૯ લાખની લોન લેતા તેના ખાતામાં જમા થયા હતા. વિપ્રમહિલા ગાયત્રીએ મશીનરી માટેની લોન મેળવ્યા બાદ બેંકની સરતો મુજબ મશીનરી નહીં ખરીદી અને શિવ કોર્પોરેશન પેઢીના સંચાલક પાસેથી બેંક દ્વારા મળેલ લોનના રૂ.૧.૩૨ કરોડ પોતાના એકાઉન્ટમાં પરત મેળવી બેંક દ્વારા મીલકત ઉપરનો અધિકાર સોપેલ હોય તે મીલકતનો દુવિનીયોગ કરવા પોતાની પાસે રાખે એકબીજાએ મીલીભગત કરી સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં ૯૯ લાખ આજ દિન સુધી જમા નહીં કરાવી હાથ ઉંચા કરી લીધા હોવાની ફરીયાદ નોંધાવી છે.

બનાવના પગલે ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઇ ટી.ડી.જાડેજાએ વિપ્રમહિલા અને રીબડા પાસે આવેલ શિવ કોર્પોરેશન પેઢીના સંચાલક વિરૂધ્ધ ગુન્હો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# બુટલેગરના રહેણાંક મકાનના રસોડાના પ્લેટફોર્મ નીચે બનાવેલ ચોર ખાનામાંથી રૂ.૩.૨૨ લાખનો દારૂ પકડાયો

## નવા થોરાળામાં આવેલ ન્યુ સર્વોદય સોસયટીનો બનાવઃ બુટલેગર ફરાર



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામાકાંઠે થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી પીસીબીની ટીમે સર્વોદય સોસયટીમાં રહેતા બુટલેગરના રહેણાંક મકાનમાં દરોડો પાડી રસોડાના પ્લેટફોર્મ નીચે બનાવેલ ચોર ખાનામાંથી રૂ.૩.૨૨ લાખનો ૯૬૦ ચપલા વિદેશી દારૂ ઝડપી પાડી બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ ગુન્હા નીવારણ શાખાની ટીમના ઈન્ચાર્જ પીઆઇ એમ.આર.ગોંડલીયાની સુચનાથી એએસઆઇ મહિપાલસિંહ ઝાલા, ધનશ્યામસિંહ ચૌહાણ, હેડ કોન્સ. હરદેવસિંહ રાણા સહિતનો સ્ટાફ સામાકાંઠે થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે સર્વોદય સોસયટી શેરી નં.૫/૧ના ખુણે રહેતો કામીલ હાજી ઓડીયા નામના બુટલેગરના રહેણાંક મકાનમાં દરોડો પાડયો હતો. પોલીસ આવવાની ભણક મળી જતા બુટલેગર કામીલ ઓડીયા નાશીજવામાં સફળ રહ્યો હતો. પીસીબીની ટીમે રહેણાંક મકાનમાં તપાસ કરતા રસોડામાં આવેલ પ્લેટફોર્મની નીચે ભોય તળીયે બુટલેગરે ચોર ખાનુ બનાવી દારૂ છુપાવ્યો હતો. પોલીસે ચોર ખાનામાંથી ઓલસીઝન ગોલ્ડન કલેકશન રીઝર્વ વિસ્કી ૧૮૦ એમએલની બોટલ નંગ ૯૬૦ કિંમત રૂ.૩.૨૨ લાખનો મુદ્દામાલ મળી આવતા પોલીસે દારૂનો જથ્થો કબ્જે કરી નાશી ગયેલા બુટલેગર કામીલ ઓડીયાની શોધખોળ આદરી છે.

# કેન્દ્રીય વિદ્યાલયના SSAએ આચાર્ય અને શિક્ષકની બોગસ સહિઓ દ્વારા રૂ.૨૩.૮૩ લાખની કરી ઉચાપત

## રીઝનલ ઓફિસ અમદાવાદથી પૈસા ટ્રાન્સફરની વાત કરતા સઘળી હકિકત ધ્યાને આવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ પર આવેલ કેન્દ્રીય વિદ્યાલયના સીનીયર સેક્રેટરીવટ આસીસ્ટન્ટ તરીકે નોકરી કરતા શખસે આચાર્ય અને શિક્ષકની બોગસ સહિઓ કરી વિદ્યાલયની બેંકમાં પડેલ રકમ રૂ.૨૩.૮૩ લાખ ઉચાપત કરી હોવાનું ધ્યાને આવતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પીએમ કેન્દ્રીય વિદ્યાલય કેમ્પસમાં રહેતા અને ત્યાં જ આચાર્ય તરીકે ફરજ બજાવતા ગંગારામ જોહરીલાલ મીણાએ યુનિ.પોલીસમાં વિદ્યાલયમાં સીનીયર સેક્રેટરીયટ આસીસ્ટન્ટ તરીકે નોકરી કરતા દેવેન્દ્ર ગણાત્રા સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે શાળાનું યુનિયન બેંક તથા સ્કૂલ ફંડ એકાઉન્ટ અને વિકાસ નીધી એકાઉન્ટ સહિતમાં ખાતા હોય જેના તમામ નાણાકીય વ્યવહાર દેવેન્દ્ર કરતા હોય છે. જે લેવડ દેવડ કરવા મારી અને ટીચર તરીકે નોકરી કરતા ગૌતમભાઈ તેજાભાઈ પરમારની સહિઓ ચેકોમાં જરૂરી હોય છે. ગત.તા.૨૧ના અમદાવાદ રીઝનલ ઓફિસથી ફોન આવ્યો અને જણાવેલ કે તમારા બેંક ખાતામાંથી મોટા પ્રમાણમાં પૈસાની ટ્રાન્સફર થાય છે. જે અંગે અમને તપાસવાનું કહેલ જેથી દેવેન્દ્રને પૂછ્તા તેણે એક પત્રમાં જણાવેલ કે ઓક્ટોમ્બર માસમાં એમએસ પોર્ટેબલ કનસડનસીને પૈસા ટ્રાન્સફર કરેલ બાદ કહ્યું કે બેંકની ભૂલ છે. તે અંગેનો બેંકના સ્ટેમ્પ વાળો લેટર વોટ્સએપમાં મોકલેલ જે લેટર બેંકમાં ખરાઈ કરાવતા જાણ થઈ કે તે બોગસ જેથી સ્ટેટમેન્ટ તપાસતા દેવેન્દ્રએ અમારી બોગસ સહિઓ કરી કુલ રૂ.૨૩.૮૩ લાખની ઉચાપત કરી હોવાનું ધ્યાને આવતાનું જણાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગીરવે મુકેલ સોનાના દાગીના છોડાવવા સંચાલકે રૂ.૧૫.૬૦ લાખ પડાવી નકલી સોનું ધાબડી દીધું

## અયોધ્યા ચોકના ક્રિશા ફાયનાન્સના સંચાલકે આચરેલી છેતરપિંડીઃ અમદાવાદની હિંમત ગોલ્ડ પેઢીના રાજકોટના કર્મચારીની ફરિયાદ પરથી પોલીસે ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના અયોધ્યા ચોક પાસે આવેલી ફાયનાન્સની ઓફિસ ધરાવતાં શખસે સોના ચાંદીના વ્યવસાય સાથે સંકળાયેલા કર્મચારીને ગીરવે મુકલે સોનું વેચવાના બહાને બોલાવી રૂ.૧૫.૬૦ લાખ પડાવી લીધા બાદ બોગસ સોનું ધાબડી દીધું હોવાની ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી ગઠીયાની શોધખોળ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ સાધુવાસવાણી રોડ પર અજંના પાર્ક એપાર્ટમેન્ટ બ્લોક નં ૧માં રહેતા મૂળ બનાસકાંઠાના વતની હાલ શહેરમાં હિંમત ગોલ સેન્ટરમાં નોકરી કરતા ભગવાનસિંહ બળવંતસિંહ રાજપૂતે ગાંધીગ્રામ પોલીસમાં ક્રિશા ફાયનાન્સ નામની પેઢીના સંચાલક પંકજ કિશોર સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત. ૨૪ના મારી સાથે કામ કરતા ચંદનસિંહ જાલમસિંહ રાજપૂતને અમદાવાદ હેડ ઓફિસેથી ફોન આવ્યો હતો કે લીમડીના લાલજીભાઈ ખોડાભાઈ જોગરાણાના ગીરવે મુકેલ ૧૭૭.૮૦ ગ્રામ સોનું વેચાણ કરવાનું છે. અને ગત તા. ૨૫ના લાલજીભાઈએ ઘરેણા વેચાણ કરવા તેમજ વજન બાબતે વાત કરેલ હતી.બાદ ગોવિંદસિંહ રાજપૂત અમદાવાદ હેડ ઓફિસેથી રોકડ રૂ.૧૬ લાખ લઈ આવેલ હોય જેથી અમે ગીરવે પડેલા લાલજીભાઈના ઘરેણા ક્રિશા ફાયનાન્સના સંચાલક પંકજને વાત કરતા તેણે હિસાબ કરી રૂ.૧૫.૬૦ લાખ માંગ્યા હતા.બાદ ઘરેણા તેના માણસ મારફતે મંગાવી તેની ઓફિસમાં વજન કરા ૧૭૭.૯૦ ગ્રામ થયું હતું.એ પછી ઘરેણા ભરેલ થેલી લઈ નીચે પહોંચી ઘરેણા પથ્થરથી ઘસી જોતા તે બોગસ હોવાની શંકાએ સોની પાસે જઈ ટચ કરાવતા બોગસ હોવાનું જાણવા મળેલ જેથી તુરંત ફાયનાન્સની ઓફિસે જતા પંકજ મળે ન હતો.જેથી તે ફોનમાં કહ્યું કે ઘરેણા નથી જોતા તમે રૂપિયા આપી દયો તેમ વાત કરતા તેની પાસે હાલ પૈસા ન હોવાથી બીજા દિવસે આવીને લઈ જવાનું કહેલ જેથી ફરિ બીજા દિવસે જતા ઓફિસ બંધ હતી.અને શખસે ફોન કરતા તેણે ઉઠાવ્યો ન હોય આમ ગીરવે મુકેલા દાગીના છોડાવવા પૈસા લઈ બોગસ દાગીના ધાબડી દઈ છેત્તરપીંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સંતકબીર રોડ પર બંગડીના કારખાનામાં લાગેલી આગમાં રૂ.એક લાખની રોકડ પણ ખાખ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં સંતકબીર રોડ પર બંગડીના કારખાનામાં ભીપણ આગ ભભુકી ઉઠતા નાસભાગ મચી ગઈ હતી. બનાવની જાણ થતા ફાયર બિગ્રેડ સ્ટાફે પહોંચી આગને બુજાવી હતી આ આગમાં રૂ. એક લાખની રોકડ સહીત વસ્તુઓ ખાખ થઈ ગઈ હોવાનુ બહાર આવતા અને આગ શોર્ટ સકીટથી લાગી હોવાનુ પ્રાથમીક તપાસમાં બહાર આવ્યુ હતુ. જાણવા મળતી વિગતો મુજબ સંતકબીર રોડ પર હરી બેંગલ નામના ભંગડીના કારખાનામાં અચાનક ભીષણ આગ ભભુકી ઉઠતા નાસ ભાગ મચી ગઈ હતી. બનાવની જાણ થતા બેડીપરા ફાયર બિગેડ સ્ટાફે ફાયર ફાયર ફાયટરો સાથે ધસી આવી આગ બુઝાવી હતી.

આગમાં એક લાખની રોકડ તેમજ મશીનરી સહીતની ચિજવસ્તુઓ બળીને ખાખ થઈ ગઈ હતી. જે બનાવ અંગે વેપારી મેહુલભાઈ ભુવાએ જણાવ્યુ કે રોકડ અન્ય વેપારીઓને ચુકવવાના હોય રાખ્યા હતા અને આ આગમાં મશીનરી સહીતની વસ્તુઓ બળી ગયાનુ અને આગ શોર્ટ સકીટથી લાગી હતી.

# જસદણ પંથકમાં ફૂલ જેવી બાળા ઉપર હેવાનિયત આચરનારા નરાધમની ધરપકડ

## પોલીસે સ્પેશિયલ ટીમ બનાવી ભાગિયા તરીકે રહેતા મધ્યપ્રદેશના આરોપીને ઝડપી લીધો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણ તાલુકામાં આટકોટ નજીક સીમ વિસ્તારમાં ખેતમજુરી કામ કરનાર પરિવારની  વર્ષની દીકરી ઉપર એક નરાધમે ક્રૂરતાપૂર્વક દુષ્કર્મ આચર્યા બાદ તેના ગુપ્તાંગમાં સળિયા જેવું હથિયાર ઘૂસાડી દેતા બાળકી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. બીજી તરફ આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આ હેવાનિયતભર્યું કૃત્ય આચરનાર આરોપી શખસને ઝડપી લીધો હતો. આ ઘટનાના પગલે નરાધમ પ્રત્યે ફિટકારની લાગણી વરસી રહી છે.

આ અંગેની માહિતી મુજબ આટકોટ નજીક સીમ વિસ્તારમાં ગત તા.૪ના શ્રમિક પરિવાર વાડીએ કામ કરી રહ્યો હતો. ત્યારે દીકરી વાડી પાસે રમી રહી હતી. એ સમયે માસુમ ફૂલ જેવી બાળકીને આ નરાધમે ઉઠાવી જઈ તેના પર દુષ્કર્મ આચાર્યું હતું આટલેથી ન અટકતા આ શખસે ક્રૂરતાની તમામ હદો પાર કરી તેના ગુપ્તાંગમાં સળિયા જેવું પારદાર હથિયાર પુસાડી દીધું હતું. જેના કારણે બાળકી લોહીલુહાણ થઈ ગઈ હતી. બાદમાં આ માસૂમ બાળકીને કણસતી હાલતમાં છોડી નરાધમ ત્યાંથી નાસી ગયો હતો.

બીજી તરફ બાળકી આસપાસ નજરે ન પડતા પરિવારજનો તેની શોધખોળ કરતા હતા. દરમિયાન ત્યાં ખેતરમાં નજીકમાંથી દીકરી લોહીલુહાણ હાલતમાં મળી આવતા પરિવારજનો ચોંકી ગયા હતા. ત્યારબાદ બાળકીને ગંભીર હાલતમાં સારવાર માટે રાજકોટની ઝનાના હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી અને હાલ તેની સારવાર ચાલુ છે. દુષ્કર્મ આચારનાર નરાધમ વિરુદ્ધ આટકોટ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી અને રામસિંગ તેરસિંગ નામના આરોપીને પકડી લીધો હતો.

# રાજકોટના યુવકનું ઓપરેશન બાદ મોત, પદ્મકુંવરબા હોસ્પિટલ સામે આક્ષેપ

## હાથમાં સોઈ રહી ગયેલ હોવાનો આરોપ, તબીબ સામે રાવ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં માંડાડુંગર વિસ્તારમાં આવેલા ભીમનગરમાં રહેતાં ગોપાલ નારણભાઈ જાદવ નામના ૨૦ વર્ષના યુવકને ગત તા.૩૦ નવેમ્બરનાં રોજ ઝાડા-ઉલ્ટી અને તાવની બિમારી સબબ ગુંદાવાડીમાં આવેલ પવકુંવરબા હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તબીબો દ્વારા યુવકને ઈન્જેકશન અને બાટલા ચડાવવામાં આવ્યા હતાં. યુવકને સારવાર અપાયા બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. પરંતુ યુવકના હાથમાં સોઈ રહી જતાં ફરી ૪નાં પદ્મકુંવરબા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને ગત તા. રોજ યુવકના હાથમાં રહી ગયેલી સોઈ કાઢવા માટે ઓપરેશન કરવામાં આવ્યું હતું. જે ઓપરેશન કર્યા બાદ યુવકને ડિસ્ચાર્જ કરતાં ઘરે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં ગત તા.૭નાં રોજ સવારે આઠેક વાગ્યાના અરસામાં યુવકની ફરી તબિયત લથડતાં તાત્કાલીક સારવાર માટે પદ્મકુંવરબા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં જેની તબિયત નાજુક ગણાતાં વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં યુવકની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ યુવાને હોસ્પિટલના બીછાને દમ તોડી દેતાં પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છ્વાઈ જવા પામી હતી. આ અંગે સિવિલ હોસ્પિટલના સ્ટાફે આજી ડેમ પોલીસને જાણ કરતાં આજી ડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. દાખલ પ્રાથમિક પુછપરછમાં મૃતક ગોપાલ જાદવ બે ભાઈ એક બહેનમાં નાનો હતો અને ચાર વર્ષ પહેલા જ રસિલાબેન નામની યુવતી સાથે પ્રેમ લગ્ન કર્યા હતાં. યુવકને ઝાડા ઉલ્ટી અને તાવની બિમારી સબબ પવકુંવરબા હોસ્પિટલમાં કરવામાં આવ્યો હતો. જ્યાં તબીબોની બેદકારીના કારણે હાથમાં સોઈ રહી જતાં ઓપરેશન કરવામાં આવ્યું હતું અને જે ઓપરેશન સકસેશ નહીં જતાં યુવકનું મોત નિપજ્યું હોવાનું પરિવારજનોએ આક્ષેપ કરવામાં આવ્યો હતો. આક્ષેપના પગલે આજી ડેમ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ જિલ્લા જેલમાં તિનકા તિનકા ઈન્ડીયા એવોર્ડ-૨૦૨૫નુ આયોજન

## ચિત્રકામની થીમ ‘‘જેલમાં સંગીત’’ રાખવામા આવેલ હતી, આ સ્પર્ધામાં રાજકોટ મધ્યસ્થ જેલના કુલ-૨૩ બંદીવાનો દ્વારા ભાગ લેવામાં આવેલ હતો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

તિનકા તિનકા જેલ સુધારણાના સ્થાપક ડો.વર્તિકા નંદાનાઓ દ્વારા બંદિવાનોના કૌશલ્ય ખીલવવા માટે તેમજ જેલ સુધારણા માટે પ્રોત્સાહિત કરવાના શુભ આશયથી ચિત્રકામ, બંદીવાનો દ્વારા જેલમાં મહત્વપુર્ણ યોગદાન બદલ તિનકા તિનકા ઈન્ડીયા એવોર્ડનુ આયોજન દર વર્ષે કરવામાં આવે છે. જેમાં ભારતભરની તમામ જેલોના બંદીવાનો દ્વારા ભાગ લેવામાં આવે છે. આ વર્ષે પણ તિનકા તિનકા ઈન્ડીયા એવોર્ડ-૨૦૨૫નુ આયોજન કરવામાં આવેલ હતુ જેમાં ચિત્રકામની થીમ ‘‘જેલમાં સંગીત’’ રાખવામા આવેલ હતી. આ સ્પર્ધામાં રાજકોટ મધ્યસ્થ જેલના કુલ-૨૩ બંદીવાનો દ્વારા ભાગ લેવામાં આવેલ હતો. જેમાં અત્રેની જેલના બંદીવાન રોહીત રમેશભાઈ લોણકરનાઓ દ્વારા આકૃત કરેલ ચિત્રકામને તિનકા તિનકા ઈન્ડીયા એવોર્ડ-૨૦૨૫થી સંન્માનિત કરવામાં આવેલ છે. અત્રેની જેલના બંદીવાન રોહીત રમેશભાઈ લોણકરનાઓએ પોતાની ઉત્કૃષ્ટ કલાથી ખુબ જ સુંદર ચિત્ર પ્રકાશીત કરવા બદલ તેમજ ઉક્ત એવોર્ડથી સન્માનિત થવા બદલ રાજકોટ જેલ અધિક્ષક વાગીશા જોશી દ્વારા અભિનંદન પાઠવવામાં આવેલ. તેમજ ગુજરાતની જેલોના વડા ડૉ.કે.એલ.એન.રાવ દ્વારા પણ જેલ અધિક્ષકને ટેલીફોનિક શુભેચ્છા પાઠવી બંદીવાન રોહીત રમેશભાઈ લોણકરનાઓની ઉત્કૃષ્ટ કામગીરી બીરદાવેલ હતી.

# માણેકવાડામાં દબાણ હટાવવામાં પક્ષપાતનો આક્ષેપ કરી મહિલાએ ઝેરી દવા પીધી

## ગ્રા.પં. કચેરી સહિત અન્ય શખ્સો ત્રાસ આપતાં પગલું ભર્યાનુ રટણઃ મહિલાને પ્રથમ કેશોદ બાદ જુનાગઢ સિવીલમા ખસેડાયા, પોલીસ દ્વારા તપાસ

**મુખ્ય સમાચાર, કેશોદ**

કેશોદના માણેકવાડા ગામમા દબાણ હટાવવામાં પક્ષપાતનો આક્ષેપ કરી મહિલાએ ઝેરી દવા પી લેતા મહિલાને પ્રથમ કેશોદ બાદ વધુ સારવાર માટે જુનાગઢ ખસેડાયા હતા.ગ્રામ પંચાયત કચેરીના પદાધિકારીઓ અધિકારીઓ દ્વારા માણેકવાડા પાદરમાં આવેલા દબાણ દુર કરવાને બદલે પરિવારને માનસિક ત્રાસ આપતાં સરમણભાઈ જાડેજાના પત્નીને લાગી આવતાં ઝેરી દવા પી લીધી હતી. કેશોદ પોલીસ દ્વારા તપાસ હાથ ધરાઈ છે.

ગ્રામ પંચાયત દ્વારા હાઈવે રોડ પર આવેલી સરકારી જમીન ખુલ્લી કરાવવાને બદલે અપુરી કામગીરી સાથે પ્રત્યુત્તર આપી ગેરકાયદે કબજો ધરાવતાં ઈસમોને ભાડા કરારથી આપવાની પેરવી હાથ ધરી હતી. માણેકવાડા ગ્રામ પંચાયત સમક્ષ લાગું પડતાં મિલ્કત પારક સરમણભાઈ જાડેજા દ્વારા અગાઉ લેખિતમાં પડતર સરકારી જગ્યા ની ભાડા કરારથી વેચાણથી આપવા માંગણી કરેલ છે. કેશોદ વહીવટી તંત્ર દ્વારા આઠસો વિઘા જેટલું ખારા વિસ્તારમાં આવેલા ગોચરના દબાણ દુર કરવા કામગીરી પુરતાં બંદોબસ્ત સાથે હાથ ધરી છે.

# યુવતિને ફસાવી લગ્નની લાલચ આપી શખ્સે અવાર નવાર દુષ્કર્મ આચર્યુ

## અગાઉ પૈસાની લેતી દેતી મામલે યુવતિ પર હુમલો કર્યો હતોઃ પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૈયા રોડ પરના વિસ્તારમાં રહેતી યુવતિ સાથે શખસે પરિચય કેળવી પોતે કુંવારો હોવાનું કહી લગ્નની લાલચ આપી અવાર નવાર દુષ્કર્મ આચવું હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીને સકંજામાં લીધો છે.અગાઉ પૈસાની લેતી દેતી મામલે યુવતિ પર રાખસે હુમલો કર્યો હતો.



આ અંગેની માહિતી મુજબ યુનિ.પોલીસમાં રૈયા રોડ પરના વિસ્તારમાં રહેતી ૨૫ વર્ષિય યુવતિએ હિરેન ઉર્ફે કાનારાજા રેવાભાઈ ધોળકીયા સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૪ના જુલાઈ માસમાં તેણીની માતાને વાહન અકસ્માતમાં ઈજા પહોંચી હોવાથી સારવાર કરાવવા સિવિલ હોસ્પિટલમાં લઈ ગયેલી ત્યારે હિરેને તેણીને વોર્ડમાં જવા મદદ કરી હતી.

જેથી બન્નેએ નંબરની આપે-લે કરી વાતચીત શરૂ કરી બાદમાં અવાર નવાર મળતા હતા.ત્યારે શખસે તેણીને કહ્યું હતું કે પોતે કુંવારો છે અને મારી સાથે લગ્ન કરશે તેમ કહી વિવિધ હોટેલ, રીસોર્ટમાં લઈ જઈ તેણી સાથે શરીર સંબંધ બાંધ્યા હતા. બાદ તેણીને જાણવા મળ્યું કે શખસની જ્ઞાતિમાં તો નાનપણમાં જ સગાઈ થઈ જતી હોય છે. અને તેના લગ્ન પણ થઈ ગયા છે. જે વાતની જાણ તેણીને ન કરી લગ્નના વાયદાઓ કરી દુષ્કર્મ આચર્યાનું જણાવતા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી કાર્યવાહી કરી છે. ઉલ્લેખનિય છે કે અગાઉ પૈસાની લેતી દેતી મામળે યુવતિ પર શખસે હુમલો કર્યો હોય જેથી પોલીસમાં ફરિયાદ પણ નોંધાઈ હતી.